મનોબળ

વિશ્વવંદ્ય-સૌરાષ્ટ્રના ઋષિવર-સંત મહાત્મા

શ્રી વ્યાસબાપા (મૂળશંકર મયાંરામ)



જન્મસ્થાન
જુનાગઢ (કાઠીયાવાડ)

સં. ૧૯૦૧
આષાડ શુકલ ૧૩

સરસ્વતી ગ્રન્થમાળા પુસ્તક ૩

॥ ॐ ॥

विगतमान मदामुदिता शया

મનોબળ

પ્રેરક

સદ્ગ્રંથો અને સત્ પુરૂષો સ્વરૂપે વિરાજીત

રામ

લેખક

પ્રભુલાલ પ્રીતમલાલ પઢિયાર

કેશોદ-કાઠિયાવાડ

પ્રકાશક

રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદી

સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ-ઉમરેઠ

કીંમત ૦-૬-૦

પ્રથમાવૃત્તિ

સંવત ૧૯૮૪ સને ૧૯૨૮

મુદ્રણ સ્થાન—સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ—ઉમરેઠ
મુદ્રક તથા પ્રકાશક—રતિલાલ બાળકૃષ્ણ ત્રિવેદી

મનોબળના વાંચ્છનારાઓને,
આત્માનંદના અભિલાષીઓને
અને મનોરાજ્યના માર્ગનિર્દેશકોને
સપ્રેમ સમર્પણ

અનુક્રમણિકા

ઉપોદ્ઘાત

"આપણે આપણા પોતાનાજ બનાવનાર છીએ. પરંતુ કોઇ પણ બહારની કાલ્પનિક શક્તિઓના ભોગ થઇ પડતા નથી" એ મહાન સત્યનો પ્રકાશ હવે સર્વત્ર વ્યાપી ગયેલ જણાય છે.

"માનવ પોતાના મનમાં જેવા સંકલ્પો કરે તેવોજ તે થાય" એ સત્ય અનેક સૈકાઓથી જન સમૂહને મુખે સંભળાતું આવ્યું છે, જો કે એ પ્રમાણે બોલનારાઓ તે સત્ય સ્વાનુભવ પૂર્વક કબુલ કરતા નથી, અને પાપ તથા ખિન્નતાના અંધકારમાં રડવડીઆં લીધા કરે છે. તથા ઘણાં-એક બંધનો કે જેમાંથી તેઓ બચવાની બારી જોઇ શકતા નથી, તેવા બંધનોથી પરાજીત થઇ જાય છે, તેમજ દરિદ્રતા દુઃખ અને અજ્ઞાનની સાંકળમાં બંધાઇ જાય છે જેમાંથી માત્ર મૃત્યુજ તેમનો છુટકો કરી શકે એમ છે એમ તેઓ માને છે. પરંતુ હવે સુભાગ્યે અશાંત અજ્ઞાનમય રાત્રિમાં રફ્તે રફ્તે જ્ઞાન સુર્યની પ્રાથમિક પ્રભા વિસ્તરતી જાય છે. અને ઘણાંએક વિશુદ્ધ અંતઃકરણો સકળ દુઃખદ પરિસ્થિતી પર માનસિક બળના સામ્રાજ્યનો સ્વાનુભવ લેતાં થયાં છે.

આંગ્લ માનસ શાસ્ત્રી મહાત્મા જેમ્સ એલન મનને એક બગીચા સાથે સરખાવે છે. તેમાં શુભ સંકલ્પોનાં બીજ રોપવામાં આવે તો પરિણામે તેમાંથી માનસિક બળનો ઉત્તમ પાક પ્રાપ્ત કરી શકાય છે. અને એ બળની મદદથી પોતાના ઐહિક અને પારમાર્થિક સંજોગો ઉપર સ્વામિત્વ મેળવી સ્વર્ગીય સામ્રાજ્યનો અપૂર્વ આનંદ લઇ શકાય છે. એ મનોવાટિકાનો માળી મનુષ્ય પોતેજ છે; તે પોતાના જીવનનો અધિપતિ છે; ઇષ્ટ સંજોગોનો સ્રષ્ટા છે; સર્વ મનુષ્યોના સુખ દુઃખની અધિષ્ઠાત્રી ગણાતી ભવિષ્ય દેવીનો પોતેજ અધિષ્ઠાતા છે.

मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः અને એવાં સુવર્ણ અક્ષરે કોતરી રાખવા જેવાં અનેક સુત્રો ભારતીય તત્ત્વજ્ઞાનને બહુ વખત થયાં સાંપડી ચૂક્યાં છે. પણ તે સુત્રોને વ્યાવહારિક જીવનમાં કેટલાકે ઉતાર્યાં ? કોણે કોણે તેનો લાભ લઇ પોતાનો આલોક તથા પરલોક સુધાર્યો ? ફક્ત ગણ્યા ગાંઠયા મહાત્માઓએ અને ઋષિ-મુનિઓએ. અત્યારે તો આ અમૂલ્ય શાસ્ત્ર-વચનો લગભગ વિસરાઇ ગયાં છે. અને તેનો ઉપયોગ ક્યાંય થતો હોય તો બીજાને ઉપદેશ દેવા પુરતોજ. વધારે નહિ. મનોબળ

પ્રાપ્ત કરી જીવમાંથી શિવ થનારા મહાપુરૂષોનાં ગુણ ગાન કરી ધાંટો બેસાડી દેનારા અત્યારે ઘણા ઘણા પડયા છે. પણ તે મહાપુરૂષોનું અનુકરણ કરનારા બે ચાર પણ મેળવવા મુશ્કેલ છે.

મનોબળના વિષયમાં ઉપનિષદોનો આદેશ બહુજ ચોકખો છે. આત્મ સાક્ષાત્કાર કરવાની ઇચ્છા રાખનારાઓને ઉપનિષદો દાંડી પીટી પીટી ચેતાવે છે કે **नायमात्मा बलहीनेन लभ्य:** એટલે કે મનોબળ વગરના માણસને આત્મ સાક્ષાત્કાર કદી થવાનો નથી. તો પછી એ પરાવરના સાક્ષાત્કાર વગર મનુષ્યની હૃદયગ્રંથી કયાંથી ભેદાય? તેના અર્થ શંશયો કયાંથી છેદાય? અને તેના કર્મનો ક્ષય કેવી રીતે થાય?

દુનિઆની આ મહાન શકિતનાં પ્રાથમિક તત્વો સમજાવવાનો પ્રયાસ આ લઘુ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. શાંતિ રાખી મનને ઇશ્વરના પવિત્ર સ્મરણમાં લીન કરી મનોબળના ઉચ્ચ આદર્શ માટે પ્રયાસ કરવામાં આવે તો નિષ્ફળતાની બીક અસ્થાને છે. પવિત્રતા અને ઉચ્છાશયના મંત્રો શીખવાની ઇચ્છા રાખનારાઓને પ્રભુની અખંડ સહાય મળશેજ.

અને મનોબળ સિદ્ધ કર્યા પછી પોતાની મેળે ઉપસ્થિત થતા અનેક લાભ અને આનંદની ગણત્રી કરવાનું કાર્ય દુર્ઘટ છે. કારણ કે મનોરાજ્યના સમ્રાટને શી ખોટ હોઈ શકે ?

આ વિષય માત્ર વાચન શ્રવણ અને કુતુહલ ખાતરજ ઉપયોગમાં લેવાથી અભિષ્ટ અર્થપ્રદ થતો નથી. એ તો કર્તવ્ય ક્ષેત્રમાંજ ઇતિકર્ત્તવ્યતા અર્થેજ પ્રકાશ પામે છે. પલંગમાં પડયે પડયે જંગબહાદુરીની વાતો કહેવા સાંભળવા માત્રમાંજ વર્તમાન સ્થિતી પ્રમાણે જંગબહાદુર બનાતું નથી. પરંતુ કુરૂક્ષેત્ર રૂપ ધર્મ-ક્ષેત્રમાં લીલાં માથાં બગલમાં દબાવી શત્રુ સન્મૂખ ખુલ્લી છાતીએ ઘુમી વિજય વાવટો ફરકાવનારજ સાચા જંગબહાદુર છે અને માત્ર એવાજ જંગબહાદૂર, જંગબહાદૂરીનો સત્ય આસ્વાદમય સ્વાનંદનો અનુભવી હોય છેજ. રામ.

કેશોદ લિ૦ કરૂણાશંકર ભવાન સાતા.

કાઠિયાવાડ બી. એ.

ઋષિ પંચમી.

૧૪૪૫૪

—પ્રસ્તાવના—

પરમ દયાળુ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મા 'રામની' પ્રેરણાથી આ લઘુ લેખ પ્રભુ પથગામી સુજ્ઞ બંધુ બેનોના કર કમળે આજના સુદીને મૂકતાં અત્યંત આનંદ થાય છે. જેવી રીતે આજના શુભ દિવસે શ્રીરામચંદ્ર પ્રભુએ રાવણના દશ મસ્તક છેદી નાશ કર્યો તેવીજ રીતે પ્રભુપથગામી સુજ્ઞ બંધુ બેનોના દશ પાપ સહીત અજ્ઞાન રૂપી શત્રુનો પરમ દયાળુ પરમાત્મા નાશ કરી આ લઘુ લેખના શ્રવણ મનન નિદીધ્યાસન દ્વારા જ્ઞાન મેળવી પરમશ્રેય સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરે તો મારો પ્રયાસ કઇંક અંશે સફળ થયો ગણાશે. 'રામ' દરેક બંધૂ ભગિની આ લઘૂ લેખનો બને તેટલો અનુભવ કરો ને બીજાને કરાવો એ અભ્યર્થના. ઇતિ રામ.

મૂળ મેટર લખવામાં "કેશોદ નિવાસી" ગંગા સ્વરૂપ ભક્તિમતિ બેન માણેક મદનજીએ પછીની પ્રેસ કોપી લખવામાં શ્રીમાન શેઠ દ્વારકાદાસ હેમરાજ તથા શુદ્ધિ કરણમાં મે૦ રા. રા. નારણજી કલ્યાણજી તથા શ્રીમાન બન્ધુ કરૂણાશંકર ભવાનભાઇ સાતાએ સંપૂર્ણ શ્રમ ઉઠાવી લેખક પર ઉપકાર કરેલ છે.

આ પુસ્તકનું મેટર ઘણા લાંબા વખતથી તૈયાર હતું. કારણ કે મારી ઉપરામતા અથવા આળસ વશાત્ ગમે તે ધારો, પડી રહ્યું હતું. પણ સમર્થ "રામ"ની કૃપાથી હાલમાં કેશોદ શ્રી વ્યાસ અનાથાશ્રમ નિવાસી મારા પરમ પ્રિય આત્મ-બંધુ બ્રહ્મચારી શ્રી રવીબાબુની અંતઃકરણની તીવ્ર ઇચ્છાને આદેશના પરિણામે તેમના પરમાર્થ ગામી ઉમરેઠ નિવાસી પરમપ્રિય સુજ્ઞ સ્વાત્મ બંધુ રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદી જેમના હુબળી (દક્ષિણ) નિવાસી સદ્-ગુરૂદેવ સ્વામીશ્રી સિદ્ધારૂઢ મહારાજની કૃપા ને આશીર્વાદ દ્વારા આ શુભ સંકલ્પ પાર પાડવાની અંતઃકરણમાં શુભ પ્રેરણા થવાથી તન, મન, ધનના ભોગ દઇ આ લઘુ લેખ આટલો જલદીથી બહાર પડ્યો છે તેનો કેવી રીતે કયા શબ્દોમાં ઉપકાર માનું? "રામ" તે બન્ને પરમાર્થગામી બંધુઓની અંતઃકરણની શુભ ભાવનાઓ-વધુ સેવા કરવાની લાયક તક ને "રામ" માં સ્વાભાવિક નિઃસ્વાર્થ પ્રીતિ ઉત્પન્ન થાય, તે પાર પડો એવા આશીર્વાદ દઇ "રામ" પાસે બે હાથ જોડી પ્રાર્થના કરી વિરમું છું. ઇતિ ૐ

વિજયા દશમી ૧૯૮૪ કેશોદ-કાઠીયાવાડ	લી૦ સેવક **પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર** ના જય સચ્ચિદાનંદ.

નિવેદન:—

પરમકૃપાળુ પરમશિવ સદ્‌ગુરૂ શ્રીસિદ્ધારૂઢ સ્વામીજી ની કૃપા અને આશીર્વાદથી તેમજ બ્રહ્મપરાયણ-સ્વાત્મબન્ધુ બ્ર. શ્રી રવિબાબુની શુભ પ્રેરણાથી સરસ્વતી ગ્રંથમાળાના ત્રીજા પુસ્તક તરીકે આ "**મનોબળ**" નામનું પુસ્તક પ્રગટ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આવાં આત્મોન્નતીનાં પુસ્તક જનસમાજને કેટલાં ઉપયોગી છે તેનો સંપૂર્ણ વિચાર લેખક મહાશયે જોયો-અનુભવ્યો છે. અને પોતે અનુભવ કરીનેજ આ પુસ્તક લખી મનુષ્ય માત્ર સ્વઉન્નતી કરે એ હેતુથી જનસમાજને સાદર કર્યું છે. આ પુસ્તક પાછળ કરેલો તમામ માનસીક તેમજ શારિરીક વ્યય લાંબા વખતના અનુભવોનો આદેશ છતાં જનસમાજના કલ્યાણ માટે પરમાર્થ બુદ્ધિથી પ્રેરાઇ પ્રગટ કરવાના સર્વ હક અમને આપ્યા છે જે બદલ લેખકના ઉદાર અને પરમાર્થી હૃદયની સાચી પ્રતીતી થાય છે. અને લેખકનો આ સ્થળે સહૃદયથી ઉપકાર માન્યા વગર રહેવાતું નથી.

લેખકની પીછાન જો કે અસ્થાને નથીજ તોપણ તેમના જીવન પર ઝાંખો પ્રકાશ નજદીકના ભવિષ્યમાં પાડવાની મારી તીવ્ર ઇચ્છા હોવાથી આ સ્થાને કાંઇ

'.

ઉલ્લેખ કરવાની ઇચ્છા મુલતવી રાખી છે. લેખકે પોતાનું જીવન ધર્મપરાયણ પરમાર્થ અને જનસમાજની ઉન્નતી અર્થે અર્પણ કરેલું કહેવામાં આ સ્થાને અતીશયોકિત નથીજ.

સદ્દગુરુ ગ્રંથમાળા દ્વારા અગાઉ ૧ દૃષ્ટિ નામક રવિન્દ્રનાથ ટાગોરની સુન્દર ભકતીમાર્ગીય વાર્તાનો અનુવાદ ડૉ. દવે હીંમતલાલ ડાહ્યાભાઇએ લખેલ તે માત્ર બે આનાની જુજ કીંમતે પ્રગટ કર્યાં પછી ૨. ઐતીહાસીક નવલકથા બાલયોગિની દક્ષણી છતાં ગુજરાતી ભાષા ઉપર માતૃભાષા જેટલો કાબુ ધરાવનાર બાલકવિ (બાલકૃષ્ણ કાશીનાથ વિદ્વાંસ)ની કૃતી બહાર પડી જેની કીંમત ૦-૮-૦ હતી તેનો પણ સમાજે સત્કાર કર્યો અને તે નવલકથાના ઉપસંહારમાં જીવનની શાન્તીના ઉપાયરૂપ ધાર્મીક જ્ઞાનની ઘોષણા કરી લગભગ બે વર્ષ વ્યતીત થયાં અને આજે એ દિશામાં ફરી ઉત્સાહ પ્રસર્યો અને સબળ પ્રેરણા થતાં આ ત્રીજું પુસ્તક જનસમાજ આગળ રજુ કરવાની મળેલી તક માટે પ્રભુનો ઉપકારજ છે.

કાઠિયાવાડની વિભુતી-સૌરાષ્ટ્રના સંત-ઋષિવર્ય નરસીંહ મ્હેતાના અવતાર ભકત શિરોમણી-જુનાગઢના એ બ્રહ્મર્ષિ પુજ્ય શ્રી **મૂળશંકર વ્યાસ (બાપા)** તેઓ

ને કાઠીઆવાડ તો જાણે પણ ગુજરાતી જાણતી ભાવિક પ્રજા એ મહાનુભાવ સંતના દર્શનથી કે તેમના જીવન-અને સદુપદેશો વાંચીને પણ પોતાનું કલ્યાણ કરે એ મારી ભાવના કોણ પોષે ? હું તો પામર છું ગુરૂ પ્રતાપે ઉભો છું. બાકી મારૂં સ્થાન કયાં ? એ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષનું જીવન અને સદુપદેશ-માનવ જીવનનો કલ્યાણ માર્ગ કોણ લખી આપે ? મને બે સ્વાત્મ બંધુઓ ઉપર શ્રદ્ધા છે. એક તો આ પુસ્તક છપાઇ રહેતાં હિમાલય પ્રયાણ કરી જશે, અને બીજા આ મનોબળ પુસ્તકના લેખક બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રભુલાલભાઇ તેઓ જો કંઇક કરે તો બને. ઉપરાંત ત્રીસ ત્રીસ વર્ષના સાચા સેવાભાવી વિદ્દદવર્ય શ્રી વ્યાસ ચરણાનુરાગી દયાશંકરભાઇની સહાયતાથી શ્રી પ્રભુલાલભાઇ આ કાર્ય ઉપાડી લે તોજ બને તેમ છે. શ્રી પ્રભુલાલભાઇ આ કાર્ય સહર્ષ વધાવી લેશે એમ અમારો આત્મા સાક્ષી પુરે છે.

આત્મબળ ઉપર ઝુઝનાર અને કૈવલ્ય-બ્રહ્મ-તત્વ ને હૃદયમાં ઉતારનાર જન સમાજ તરફની આ માગણી ટુંક વખતમાંજ પુર્ણ કરશે એવી અમારી સંપુર્ણ ખાત્રી છે. જે પરાર્થે જીવન જીવી રહ્યા છે તે સમાજના કલ્યાણ અને ઉન્નતિમાં પોતાની સમગ્ર શકિત-બુદ્ધિ અને અનુભવ ન્યોછાવર કરશેજ.

જો સદ્‌ગુરૂ કૃપા કરે અને પ્રભુ પ્રેરણા ઉતરે તો સરસ્વતી ગ્રંથમાલાના ચોથા પુસ્તક તરીકે ૐ સચ્ચીદાનંદ સ્વરૂપી પરમપૂનિત શ્રી **વ્યાસ બાપુનું** જીવન અને ઉપદેશામૃત બહાર પાડવાની તીવ્રતમ જીજ્ઞાસા છે.

આ ગ્રંથમાળાને સ્થાયી બનાવવા માટે એક યોજના તૈયાર કરી છે અને તેને અંગે એક ફંડની વ્યવસ્થા થઇ છે. તે ફંડમાં એક બંધુએ જે પોતે પોતાનું નામ પ્રગટ કરવા માગતા નથી તેમણે શુભ શરૂઆત કરી રૂ. ૫૧) આપ્યા છે, તેમજ આ ગ્રંથમાળાનું ત્રીજુ પુસ્તક વગર ખર્ચે છાપી તેની સમસ્ત આવક આ ફંડમાં જમા થશે અને તેનો રીતસરનો હિસાબ આગામી પુસ્તકના નિવેદનમાં બહાર પડશે. ફંડની ગેરવ્યવસ્થા નહી થાય અને તેનો ઉપયોગ આવાં ધાર્મિક સત્ પુસ્તકો બહાર પાડવામાં થશે તેની સત્ય પ્રતિજ્ઞાથી ખાત્રી આપુ છું. પરમાત્મા મને જેટલી બને તેટલી આવી સેવાની તકો આપો એમ પ્રાર્થી ભિક્ષા માગી વિરમુ છું.

ઉમરેઠ
વિજયાદશમી
૧૯૮૪

હું છું આપ સૌનો સેવક
રતીલાલ બાલકૃષ્ણ ત્રિવેદીના
જય સચ્ચિદાનંદ.

॥ ॐ ॥

મનોબળ

૧ આત્મસંયમ.

જ્યારે જ્યારે મન ભટકવા માંડે ત્યારે ત્યારે તેને પાછું વાળી શાંત ઉન્નત સ્થિતિમાં સ્થિત કરવું.

यतो यतो निश्चरति मनश्चंचलम स्थिरम् ।
ततस्ततो नियम्यैतद् आत्मन्येव वशंनयेत् ॥

આત્મધન પ્રાપ્ત કરવા ઇચ્છતા જીજ્ઞાસુ સાધકને પોતાના મનનો નિગ્રહ કરવો એજ માત્ર અધિકતર મુશ્કેલી વાળું કામ સમજાય છે. મનોનિગ્રહ કાર્ય કેવું કઠિન અને મુશ્કેલીવાળું છે તે માત્ર મનોનિગ્રહ કરનારનેજ સ્વાનુભવે સમજાય એવું છે. જ્યારે મનોનિગ્રહ કરી સંકલ્પ સંયમનનું કાર્ય હાથ ધરાય છે ત્યારેજ નિત્ય મન કેવી

અવ્યવસ્થિત અને અનિગ્રહિત અવસ્થામાં આથડે છે, તેનો અનુભવ થાય છે. દરેક ગમે તેવી પણ સંકલ્પ લહરીને ગ્રહણ કરવા અને દરેક નજીવાં બાહ્ય સુચનોને પણ સંગ્રહિત કરવા મન કેવું સદા તત્પર હોય છે તે જણાય છે. કોના ભટકતા હેતુ રહિત વિચારોમાં કેવો અમૂલ્ય વખત નકામો વિતાડયો કે જેનો જો સદુપયોગ કર્યો હોત તો અને જો હેતુપૂર્વક વિચારણામાંજ વાપર્યો હોત તો સર્વોચ્ચ સશક્ત અને સુદૃઢ ચારિત્ર રચી શકાત એ સમજતાંજ ચોંકી–ગભરાઇ જવાય છે. એ ગુમાવેલા વખતનો ઉપયોગ જો સશાસ્ત્રિય રીતિએ કર્યો હોત તો જીવન માધુર્યમય બની જાત, આંતરઃ વિશુદ્ધ થઇ જાત, સ્વશકિત સબળ થઇ જાત અને મહાન આત્મિય સામ્રાજ્યનું સ્વામિત્વ મળી જાત. આ મહાન સત્યનો પ્રકાશ જે વેળા માનવ મનમાં પડે છે તેજ પળ ખરેખર મહત્વની છે.

પ્રથમ તો મનઃ સર્વ અંકુશમાં આવવા નકારજ ભણે છે. ચડાવવા નહિ દેનાર અને પોતાની સ્વચ્છંદ વર્તણૂક ચાલુ રાખવા ચાહનાર વછેરાં જેવી મનઃ સ્થિતિ પ્રાથમિક તો હોય છે, પણ જો મનોનિગ્રહ કરવાની દિશામાં આપણે ખરેખર કાંઇ પણ કરવા કટિબદ્ધ થયા હોઇએ

તો આપણે અસાધારણ ધૈર્ય રાખવું જોઇએ. ભટકતા વિચારોને ભેળા કરી વારંવાર પાછા વાળવા જોઇએ. એમ કરતાં ઘણી વખત નાહિંમત તથા નૈરાસ્યનો હુમલો થવાનોજ, પરંતુ જો તેનાથી હારી જવાશે તો જરૂર અધઃપતન થવાનું. માટે પરાજય નહિ પામતાં, કાયર નહિ થતાં અડગ ધૈર્યતાથી ધીમે ધીમે મન સંયમન કરતાં જવું.

ખાસ આવશ્યકતા માત્ર ધૈર્યની છે, એ સિદ્ધાં સુદૃઢ પકડવો. કોઇપણ પ્રકારે, કોઈપણ બાબતમાં ઉતાવળ કે અધિરાઇથી કશું પણ પ્રાપ્ત થતુંજ નથી. અધિરાઇ કરી પરાજય પામી પાછા પડવા કરતાં ધૈર્યથી ધીમે પગલે આગળ વધી વિજય રળવો શ્રેયસ્કર છે, એટલા માટે પહેલેજ ધડાકે ઘણું કરી નાખવા યત્નવાન થવું નહિ. તેમજ સંકલ્પ સંયમનમાં બહુ વખત બેસી રહેવું નહિ. કારણ કે એમ થવાથી મનને એવી ટેવ ન હોવાથી મન કંટાળી જશે અને જે નિગ્રહરૂપ કાર્ય આગળ સાધવું છે તે માં તદ્દન અયોગ્ય બની જશે. મનોનિગ્રહરૂપ કાર્ય ખરેખર સવ સૌન્દર્યનું નિધાન છે, મહત્તાનો મહોદધિજ છે. કારણ કે જ્યાંસુધી મન સંયમન સધાયું નથી ત્યાંસુધી મનુષ્ય એ ખરી રીતે મનુષ્યજ નથી.

પ્રાથમિક શરૂઆત કરનાર સાધકે પ્રથમ તો બનતાં લગી પ્રભાતનો સુયોગ્ય વખત સંયમ માટે નિશ્ચિત કરવો જોઇએ. પ્રથમ દશ મિનિટ, પછી વીશ અને પછી ક્રમે ક્રમે દરેક અઠવાડીયે વખત વધારતા જવું. છેલ્લે બે કે ત્રણુ કલાક સુધી સંયમ કરી મનને નિગ્રહિત એકજ આત્મ કેન્દ્રસ્થ કરવું.

લેખકનો અનુભવ એવું કહે છે કે, પ્રભુનાં અનેક નામોમાંથી એકાદ અને તે પણુ જો બની શકે તો "ૐ" અગર "રામ" એ નામના જપ પૂર્વક તેમાંજ મનને એકાગ્ર કરવું, અત્યુત્તમ અને સુગમ છે. એવી રીતે જપ કરતી વખતે રામ નામની મહત્તા, રામનું સર્વવ્યાપકપણું, સ્વતંત્રપણું, સર્વજ્ઞતા, દીનબંધુતા, પરોપકારીતા, સહનશીલતા, સત્યપ્રિયતા, ગરીબ–નિવાજતા, રંક–રંજનતા, અધમોદ્ધારણુતા, પતિત–પાવનતા, ક્ષમ્યતા, કૃપાળુતા આદિ મહાન અલૌકિક સદ્‌ગુણોનું ચિંતન કરવું. "રામ" શબ્દનું એવા મહાન સદ્‌ગુણોની વિચારણા રૂપે પૃથક્કરણ કરવું અને દરેકે દરેક ગુણ દ્વારા મનઃ દૃષ્ટિથી અવલોકન કરવું. આમ કરતાં કરતાં મન કદી ભટકવા ચાલ્યું જાય અને કોઇ બીજા વિષયને મહત્તાવાળો કે આકર્ષક સમજી

તેનો વિચાર કરવા લાગે તો તુરતજ ત્યાંથી મનને અટકા
પાછું - ઇષ્ટ ચિંતનમાં યોજવું અને સદાગ્રહ પૂર્વક ઇ
ચિંતનમાંજ રૂઢ થવું. હંમેશાં એજ પ્રમાણે એક
પ્રકારના ઇષ્ટ સ્મરણની અખંડ ધારા પડવા દેવી
અંતે એ સર્વ સંસ્મરણોને જીવનના વ્યવહારમાં મૂક
અભ્યાસ કરવો. જ્યાં લગી એ સ્મરણો જીવન ક્રમ
કાર્ય રૂપે પ્રદર્શિત ન થાય ત્યાં સુધી અડગપણે દઢતા
ધીમે ધીમે ચિંતન વધારતા જવું. શબ્દમાંથી અર્થ
અને અર્થમાંથી આચરણમાં પ્રવેશ કરવો, એમ થવા
માનવને બદલે નવલ દૈવી જીવનનો પ્રભાવ સહજ વિસ્ત
રહેશે અને નિત્ય જીવન માધુર્યતાવાળું થશે તેમજ ધ
ધીમે અભ્યાસ વધતાં સર્વોત્તમ ગુણોનો સહજ રિતે
આચરણમાં પ્રકાશ પડવા માંડશે. ઉપર કહ્યા પ્રમા
થવુંજ જોઇએ કારણ કે જેનું અખંડ સ્મરણ થયા
તેવો માનવ નક્કી બનેજ એ સિદ્ધાંત છે.

જ્યારે હું નિશાળમાં અભ્યાસ કરતો ત્યારે મા
વર્ગમાંના એક વિદ્યાર્થીનું દષ્ટાંત મને આ વખતે સ્મરણ
છે. તેના અક્ષરો ઘણાજ ખરાબ હતા અને હંમે
મહેતાજી સાહેબ તેને અક્ષરો માટે ઠપકો આપતાજ તેમ

તે વિદ્યાર્થી, બીજા સહાધ્યાયીઓ અને સઘળા શિક્ષકો પણ તેના અક્ષરો સુધરવા અશક્યજ ધારતા હતા. ઉંચા વર્ગમાં હોવા છતાં પણ બાળવર્ગમાં ભણતા નાના બચ્ચાંના જેવાજ ઠરડા અક્ષરો તે લખતો. એવામાં એવું બન્યું કે દિવાળીના તહેવારોમાં તે વિદ્યાર્થી પોતાના મામાને ત્યાં બહારગામ ગયો અને મામાની સાથે ભણતર સબંધી વાત નીકળતાં તે રોઇ પડ્યો. અને જણાવ્યું કે "મારા અક્ષરો કોઇ પંણ ઉપાયે સારા થતા નથી. કોપી બુકનો અને ભણવાનો મને તિરસ્કાર થયો છે, માટે હું ભણતર છોડી દેવાનો છું." તેના મામાએ પુછ્યું–"તારે કેવા અક્ષરો લખવાની ઇચ્છા છે ?" તેણે જવાબ આપ્યો કે–"બળ્યા એ અક્ષરો ને બળી એ નિશાળ, મારે તો ભણવુંજ નથી." મામાએ કહ્યું–"ભાઇ ! એમ છેક કંટાળી ન જા પણ હવેથી એટલું કર કે કોપી બુકના વિચાર પડતા મૂકી દે અને તું જેના અક્ષરો સારામાં સારા ધારતો હોય અને જેના જેવા અક્ષરો લખવા ઇચ્છતો હોય એના વિષેજ વિચાર કર." પેલાએ જવાબ આપ્યો કે "અહો ! રામલાલ સર્વોત્તમ અક્ષરો લખે છે અને મારૂં એવું સુભાગ્ય ક્યાંથી હોય કે તેના જેવાજ અક્ષરો

હું લખી શકું ! પણ એ આશા વ્યર્થ છે કારણ કે–મારા શિક્ષકો પણ મારા અક્ષરો કદાપી પણ સુધરવાના નથી એમ કહે છે." ત્યારે મામાએ કહ્યું કે "બેટા! જો! ધ્યાન રાખ! શિક્ષકો વગેરે એ તારા અક્ષરો માટે જે કંઇ કહ્યું હોય એ બધું ભુલી જા, કોપી બુક વિસરી જા, બધી નિરાશા અને કંટાળો વિસારે પાડ અને જેના અક્ષરો તું એટલા બધા વખાણે છે તે અક્ષરો તથા તેના લખનારનુંજ હૃદયના પૂર્ણ ઉંડાણમાંથી ચિંતન–સ્મરણ –યાદી કર, તેના અક્ષરો વારંવાર વાંચતો રહે અને દરેક અક્ષરોના મરોડદાર વલણનુંજ પ્રફુલ્લ ચિત્તે ધ્યાનપૂર્વક વર્ણન કર. જ્યારે તું લખવા બેસે ત્યારે પણ તેનોજ વિચાર કરવો અને તેના જેવાજ અક્ષરો લખવાનો નિશ્ચય કરવો. હંમેશાં અનેકવાર તેનુંજ ચિંતન કરવું અને તેના જેવાજ અક્ષરો તું લખી શકે છે એવી ધારણા કરવી. અને એ પ્રમાણે જ્યારે તું તેના સમાન સુંદર અક્ષરો લખી શકે ત્યારે તારો આનંદ કેવો મહદ થવાનો તેના વિચારમાં ગુમ થઇ જા " તે વિદ્યાર્થીએ તેના મામાના કહેવા પ્રમાણે કરવાનું નક્કી કર્યું, કારણ કે તે વિચાર તેને ઘણોજ મોહક અને મજાનો લાગતાં મનને ગમી ગયો.

અને એ પ્રમાણે કરવાથી તહેવારની રજા બાદ જ્યારે તે નિશાળમાં આવ્યો ત્યારે સર્વ શિક્ષકોના કરતાં પણ ઘણા જ સુંદર અક્ષરો લખનાર તરીકે જાહેર થયો, કાલ્પનિક ધ્યાન ધ્યેયનું ચિંતન તેના સ્વાનુભવરૂપ થયું ! એક ઇષ્ટનીજ ધારણા અને તેમાંજ મનને એકત્રિત કરવા સબંધમાં સાદું પણ સ્વાનુભવનું આ મહાન દ્રષ્ટાંત છે.

" મનુષ્ય પોતાના વિચારાનુસાર ઉન્નત કે અધોગતિમાં વસે છે. તેમનું વિશ્વ તેમની ધારણા મુજબ અંધકારમય અને સંકુચિત અગર તો પ્રકાશમય અને વિશાળ હોય છે. માનવની સકળ પરિસ્થિતિ તેના પોતાના જ વિચારો વડે રંગીત થાય છે. "

તે વિદ્યાર્થીએ જ્યાં સુધી પોતાનું ઇષ્ટ સમજી લીધું નહોતું ત્યાં સુધી તે સારા અક્ષરો લખી શકતો નહોતો. તેમજ મનુષ્યે પણ પ્રગતિ કરવા અર્થે પોતાની આંતરદૃષ્ટિ સમક્ષ જરૂર એક સર્વોત્તમ ઇષ્ટનું અભંગ સ્મરણ રાખવું જ જોઇએ. આપણે પોતે પોતાને ઓળખવા જરૂર છે, અને તે અર્થે આપણે પોતે આપણું નિરીક્ષણ કરવું જોઇએ. તેમાં મુશ્કેલી ઘણીજ છે, કારણ કે-માનવ મન તદ્દન લપસી જનારૂં છે અને તેથીજ આત્મનિરીક્ષણ કામ

અતિવ મુશ્કેલ બને છે; છતાં પણ જો "આત્મસંયમ" નો સાચો યથાર્થ ભાવ ગ્રહણ કરવા ઉત્કંઠા હોય તો આત્મનિરીક્ષણ અવશ્ય કર્તવ્ય છે. આપણે આપણા મનોવિચારના ટુકડે ટુકડા કરી નાંખી દરેક વિચારના મૂળ હેતુનું પ્રથક્કરણ કરવું અને આપણી ઇચ્છાઓને હેતુ સહિત તપાસવી; અને મનને વારંવાર પુછવું કે "આ મેં કાં કહ્યું?" "આ મેં કાં કર્યું?" આપણા પાછલાં કર્તવ્યો તરફ દૃષ્ટિપાત કરવો અને જો તે ભુલ ભરેલાં જણાય તો પણ સત્યાન્વેષણ કરવા પાછો પગ ન દેવો. બન્ધો! આટલું કરવાની તૈયારી છે કે? જો હોય તો હંમેશાં થોડો વખત આત્મનિરીક્ષણમાં ગાળવા માંડો અને આપણે "કોણ" "કયાં" "કેવા" "કેમ" છીએ તે શોધવાની શરૂઆત કરો. પોતાના મનપર સત્યાન્વેષણ પ્રકાશ પૂર્ણ પાડતાં જરા પણ ડરવું નહિ. અને એ તપાસ માં જે કાંઇ માલુમ પડે તે કબુલ કરતાં જરા પણ પાછું ન હઠવું અને પૂર્ણ પણે યાદ રાખવું કે–"ઇષ્ટપ્રાપ્તિ" નો ખરો અર્થ એજ છે કે–હાલની આપણી પરિસ્થિતિનો ત્યાગ. આત્મનિરીક્ષણમાં આપણી જે સ્થિતિ જણાય તેમાંથી બહાર નિકળવું એજ ઇષ્ટપ્રાપ્તિ કરવાનું સાધન

છે. આંતરિક દરેક ઉમેદો–ઇચ્છાઓ–પ્રિયતમ મહાન ઇષ્ટપ્રાપ્ત કરવામાં લાંબો હાથ કરે ત્યારેજ સકળ ધારણા પાર પડે. "અવિચાર એજ વિનાશ છે" એ ખૂબ યાદ રાખવું. આપણે કેવા અને કયાં છીએ, એ ખરેખરૂં જ્યારે આત્મનિરીક્ષણમાં જણાય ત્યારે સર્વોત્તમ ઇષ્ટમાં દ્રઢતા કરવી અને સતત ધારણા અને ધ્યાન પ્રવાહ વડે તે ઇષ્ટને એક પલક પણ આંતરદ્રષ્ટિથી વેગળો થવા દેવો નહિ. એમ થવાથી જો આપણે થાકી નહિ જઇએ–પાછા હઠી નહિ જઇએ તો જે ઇષ્ટ ધ્યાનમાં મંડયા છીએ તેમાં તદ્રુપ થવામાં આગળ વધતાં વધતાં તન્મયતા અને તલ્લિનતા થશે. એ ધ્યાનરૂપ ઇષ્ટ પરમ સત્ય સ્વરૂપે અનંતકાળ પોતામાં અખંડ નિવાસ આપશે. અને એજ આપણું મન્તવ્ય, કર્તવ્ય તેમ પ્રાપ્તવ્યરૂપ ઇનામ. ઇતિ રામ.

૨ મનની ઉત્પાદક શક્તિઓ.

"સત્ય-પરમાત્માનો અપરોક્ષ અનુભવ થતાં પાપની આંતરિક પીડા પતી જશેજ કારણ કે-સત્યાનુભવથી સર્વ તને સ્વાધિન થયેલું સ્વાનુભવાશે."

"સત્ય સ્વાનુભવાતાં સર્વ આત્મઇચ્છાઓનું સાફલ્ય થશે. અને તારો માર્ગ પ્રકાશમય થશે."

હરિશ્ચંદ્ર કેરો હાથ હું ને હું વિચાર વસિષ્ટના,
સપ્તર્ષિઓ સંવત્સરોનો સ્વામી છું હું સર્વદા.
વાલ્મીકની હું કવિત્વ શકિત સકળ જગનો નાથ છું,
મણિરામ હૃદયજ હુંજ સત્યાનુભવમાં સમજાયલું.

માનવમાં ઉત્પાદક-ઘટનાત્મક-શકિત એ શું છે? સરલ જવાબ માત્ર એજ કે "સુવિચાર શકિત". વિચારવું એજ ઉત્પન્ન કરવાની મૂળ સત્ય ક્રિયા છે. એથી જો કે આપણે અજાણ છીએ છતાં પણ અત્યાર સુધીની જીંદગીમાં આપણે ઉત્પાદકજ થયા છીએ.

આપણે અત્યાર સુધી એજ અજ્ઞાનરૂપ અંધકારમાં રહ્યા છીએ કે ઉત્પાદક શકિત મનુષ્યમાંજ હોવી જોઇએ. કારણ કે આત્મા પરમાત્માનોજ અંશ છે છતાં પણ એ શકિત જાણે કોઇ પરમ આશ્ચર્યરૂપ અને આપણાથી અતિવ દુર કોઇ અલૌકિક સામર્થ્યરૂપ હોઇ કોઇ દિવસે આપણે ઘણી ઘણી શોધોને અંતે શોધી કાઢવાની છે! અને એ શકિત જાણે કોઇ પણ બહારના ભાગમાંથી લાવવાની છે? આવી અણસમજમાં રહેલા આપણને એતો હમણાં સુધી સમજાયુંજ નહિ કે–" આપણે જે શકિતની શોધમાં હતા તે તો નિરંતર આપણા સંગમાંજ છે! આપણામાંજ છે! આપણો અંતરાત્માજ છે! અને તેને ન જાણવાથી, તેમજ મનની તેના તદ્રુપ એકાગ્રતાના અભાવે તથા સહેતુક સદુપયોગમાં લેવાના અસામર્થ્ય વડે તે શકિત ક્ષારસિંધુમાં વહિ જતી. ગંગાજળની ગતિને પ્રાપ્ત થઇ છે. અને લાભપ્રદ થવાને બદલે અનંત ગેરલાભો કરનાર થયેલ છે. જેથી અનેક અડચણોવાળું નિરર્થક જીવન એજ માત્ર ફળ થયેલ છે."

"આજે આ ખાધું કાલે તે ખાઇશ, રામ દિવાળી વહેલી દેખાડે " માત્ર એવાજ ખ્યાલમાં રઝળવાનું મળ્યું.

વળી જો કે અજાણુપણે પણ ઘણી વખત આપણાથી એ શક્તિનો દુરોપયોગજ થયો છે. વારંવાર દુ:ખ, દર્દ, દિલગીરી, દુશ્મનાવટ, દારિદ્રતા આદિના વિચારો એ બધા જાણે આપણા ભાગ્યના હક્કદાર ભાગીદારો હોય તેમજ સમજી એ પીડાઓના વિચારો કરી કરીને એ સઘળી આપદાઓને આપણે પોતેજ ઉત્પન્ન કરેલ છે. અને સકળ વિપત્તિઓ ફક્ત આપણા પોતાનાજ વિચારોની ઉત્પાદક શક્તિનાં ફળરૂપે છે. "**मन एव मनुष्याणां कारणं बंध मोक्षयो:**" "મનજ સર્વ કર્તા છે."

જેટલા પ્રમાણમાં સત્ય પ્રભુમાં વિશુદ્ધ શ્રદ્ધા વધારે રાખશું તેટલા પ્રમાણમાં પરમશ્રેય વિશેષ પ્રાપ્ત કરી શકાશે. પરંતુ લગામને મુખમાં દબાવી નાસી જતાં તોફાની ઘોડા જેવુંજ મન હશે તો અર્થાત વારંવાર ક્રોધ કામાદિને અવનત માર્ગે ઉંધે માથે ધસનારૂં હશે તો સકળ પરિણામ વિપરિત જ થવાનાં એ નક્કી છે. અનિયમિત માનસિક ઉછાળા દુ:ખ ને દર્દના પેદા કરનાર છે. ક્રોધથી અંત:કરણનો દાહ અને હોજરીમાં ખટાશ ઉત્પન્ન થાય છે, તેમજ જીવન ખરેખર શોકના પ્યાલા જેવું બને છે. ક્રોધ -ગુસ્સો એ ઘણાએક રોગનું મહાન કારણ છે. "**क्रोध**

पित नित छाती जारा." ભય અને મુંઝવણુથી નિરાશા અને ખોટાં ચિત્રો ખડાં થાય છે, ભુખમરો અને દુર્દશા આખી જીંદગીમાં સામ્રાજ્ય સ્થાપે છે.

હિમાલયના મહાન ઉચ્ચ શિખરોપરથી નીચે ઉતરી આવતો ગંગાનો પ્રવાહ અનંતકાળથી સમુદ્રમાં વહન થાય છે. એ પ્રવાહમાં ગુપ્ત રહેલ મહાન શકિતઓનું કોઇને પ્રથમ તો સ્વપ્ન પણુ નહોતું. એક વખત એક મહાન ઋષિવર્યનું લક્ષ એ તરફ દોરાયું. અને વિચાર આવ્યો કે, " આ પ્રવાહમાં વહન થઇ જતી શક્તિ જો સન્માર્ગે દોરાય તો કેવો લાભ થાય ?" તુરત તે વિચારમાળાના મણુકા ફરવા લાગ્યા અને સ્થળે સ્થળે બંધ, નહેરો ઇત્યાદી બંધાવવા માંડયાં. કોઇ કોઇ સ્થળે જળપ્રવાહ એકત્રિત કરી મોટા ધોધરૂપ બનાવી તેની નીચે યંત્રો ગોઠવવામાં આવ્યાં અને એમ થવાથી થોડા જ વખતમાં એ ફોકટ વહી જતો વારિ પ્રવાહ મહાન શકિત અને લાભપ્રદ થયો, તેમજ ઉપકારક પણુ મહાન બન્યો. આ બધું થવાનું કારણુ એજ કે ફકત એકજ સત્પુરૂષે સદ્‌વિચાર અને તે પ્રમાણેજ વર્તન કર્યું. અનેક બેવકુફો એ મહાન પ્રવાહને જોયા જ કરતા પરંતુ ખરેખરો પ્રવાહ તો એ મહાત્માએ જ જોયો. એની એજ

શક્તિઓ એ પ્રવાહમાં અનંતકાળથી અપ્રકટપણે વહન થતી હતી. પરંતુ સુવિચારવાનના શુદ્ધ અંતઃકરણમાં એ શકિતઓની સાદૃશ્ય છબીઓ પ્રકાશી નીકળી. એજ પ્રમાણે મનઃ શકિતનો પ્રબળ પ્રવાહ વિનાશસિંધુ તરફ અજ્ઞાનતાથી વહન કર્યા કરે છે. અને એ શકિત પોતાનામાં જ છે એનું કોઇને ભાન પણ નથી. પરંતુ સુભાગ્યે હવે સ્થળે સ્થળે લોકોમાં જાગૃતિ આવતી જોય છે, વિચાર ચંદ્રોદય થતો જાય છે અને એવાં જીજ્ઞાસુ હૃદયો પ્રશ્નો પૂછે છે, પ્રકાશ શોધે છે, અને આત્માનુંભવ કરવાનું વલણ દેખાડતાં જાય છે, જેના પરિણામે ધીમે ધીમે પણ મક્કમતાથી ભાવિ જીવન સવિશેષ આનંદમય અને ઉજ્વળ બની રહે એવી રીતે આંતરશકિતનો સદુપયોગ થતો જાય છે.

તેઓને અનુભવ થતો જાય છે કે–ભાગ્ય અગર તો પરિસ્થિતિના માત્ર ગુલામ રૂપેજ પ્રભુએ તેમને ઉત્પન્ન કર્યા નથી. પરંતુ ભાગ્ય અને પરિસ્થિતિ પર સ્વામિત્વ સ્થાપવાજ પેદા કરેલ છે. અને એ પણ તેઓને ખાત્રી પૂર્વક સમજાતુંજ જાય છે કે ભાગ્ય અને પરિસ્થિતિના ઉત્પાદક પણ તેઓ પોતેજ છે. અને તેથી પ્રભુએ તમામ સર્વ જીવ માત્રને પોત પોતાના ભાગ્ય અને પરિસ્થિતિ

પર ઇચ્છાનુરૂપ સત્તા જમાવવાની સત્તા આપેલ છે. વિચાર ગંગા અર્પણ કરી રામે હુકમ આપ્યો છે કે-આના પ્રવાહને તમારી સુદ્રઢ ઇચ્છા શક્તિના પ્રભાવે અનુકુળ પડતો ફેરવજો.

આ વિચાર ગંગાના પ્રવાહને ક્ષારસિંધુમાં જતો અટકાવી સારાં ક્ષેત્રોમાં અન્નોત્પાદક કરનારો, માનવથી ઇચ્છા મુજબ બનાવી શકાય છે.

આમ ક્રમેક્રમે આગળ વધતાં એવા આત્મસાક્ષાત્કારની કોટીમાં આવી પુગાશે કે જ્યાં સદ્‌વિચાર દ્વારા સચ્ચિદાનંદનો અખંડ અનુભવ થશે. આ સત્યનો જ્યારે પ્રથમ સાક્ષાત્કાર થાય-સ્વાનુભવ થાય ત્યારનો આનંદ તો ભાઇ! અનિર્વચનિયજ છે. સર્વાત્મભાવ સિંધુમાં સ્નાન થાય અને સર્વત્ર એકજ આત્માનું વિલસન સ્વાનુભવાય તે વખતનો આનંદ માત્ર સ્વસંવેદ્ય છે. એ વખતે માનવને ખાત્રી થઇજ જાય કે સર્વ તરફથી મળતો અને પૂર્ણ દબાણ કરતો બ્રહ્માનંદ આપણે અત્યાર સુધી વિચાર દ્વાર ખુલ્લો રાંખ્યાં લીધો નહિ એટલાજ માટે દુઃખદ હાલતમાં અત્યાર લગી રહી ગયેલ. વિચારની ખામીરૂપી આંતરદ્દષ્ટિને પાટા બંધાતાં ધૃતરાષ્ટ્રજ બની ગયેલ અને તેથીજ બ્રહ્માનંદ દ્દષ્ટિગોચર ન થયો.

મહદ્ પુરુષો-સંતો જ્યારે એ બ્રહ્મ સિંધુમાં તરતા હતા ત્યારે આપણને પોકાર કરી કરી કહેતા હતા છતાં પણ બહેરા કાન હોવાથી, વિચાર ન હોવાથી આપણને એ અમૃત મહાસાગરનું સ્વપ્ન પણ આવતું નહોતું. હવેજ સ્વાનુભવે સમજાય છે કે એજ પરમાત્મ નિધિરૂપ સૂર્ય-પ્રકાશમાંથી, આપણને અખૂટ પ્રકાશ હકક પૂર્વક મળે છેજ.

જેના વિના એક ક્ષણ પણ આપણું જીવન ટકી શકે નહિ એવી હવા કયાંથી આવે છે ? એ વિચાર આપણે કયારે એ કર્યો નથી. આપણે માત્ર શ્વાસો શ્વાસ દ્વારા તે હવા ગ્રહણ કરતા રહીયે છીયે. ખાવાના રોટલા અને પીવાના પાણી માટે પણ આપણે કેટલો થોડોજ વિચાર કરીયે છીયે ? છતાં પણ દરરોજ આપણી જરૂરીઆત મુજબ અન્ન પાણી મળ્યાજ કરે છે. પણ ખાત્રી રાખજો કે માત્ર હવા, અન્ન જળ અને પ્રકાશ આપણને જોઇએ એટલાં મળે એટલુંજ નહિ પણ તેજ પ્રમાણે સંપૂર્ણ બ્રહ્માનંદ કે જેમાં ડુબી મરતાં અમર થવાય છે તે પણ આપણા પોતામાંજ અખુટ ભરેલ છે. તેનો પણ સફળ-સુદૃઢ પ્રયત્નવડે સ્વાનુભવ લેવો જરૂરનો છે.

આપણા આત્માની દરેક આવશ્યકતા આપણા

હૃદયની દરેક આશાઓ અને જેને આનંદ સુખ લેવા આપણે ઇચ્છીયે તે આનંદ–સુખ તેમજ જે જે અંતિમ મહદાનંદી કેન્દ્ર પ્રાપ્ત કરવા આપણી ઇચ્છા થાય છે તે આપણાજ-આંપણામાંજ છે, અને જો ખરે ખરૂં સદ્વિચારમય આંતરિક ઉંડાણના અભ્યાસવાળુ, પ્રેમાળ, પરમ જીજ્ઞાસુ, ભકિતમય સુદ્રઢ જીવન ગાળીએ તો પ્રભુમયજ બની જઇએ. પ્રભુ કહે છે કે–"ખરા હૃદયના ભાવથી જો તમે મને શોધો તો નકકી હું તમને મળીશ; માગો એટલે તમને મળશે. શોધો એટલે જડશે. દ્વાર હડશેલો એટલે ઉઘડશે." "ઇચ્છે તેને નકકી મળેજ છે. ઇતિ રામ.

૩. સંકલ્પ કિમીયાગર

માનવજાતિ સબંધે વિચાર કરતાં જણાય છે કે વિશ્વ સકળમાં વિચાર એજ મહાન શકિત છે. સારાસાર વિચાર વડેજ પ્રગતિ કે અધોગતિ થાય છે. ઘણી વખત મનુષ્યો એમ ધારે છે કે પરિસ્થિતિની સબળતા અને સત્તાવાન વ્યકિતઓની કૃપા વડેજ તેમની ઉન્નતિ અને માનવૃદ્ધિ થાય છે. પરંતુ એ ધારણા ખોટી છે. કારણકે સર્વ પ્રગતિ, સઘળી શકિતઓ માત્ર વિચારનાજ પ્રકટીકરણનું પરિણામ છે.

વર્તમાન વ્યકિતગત અસ્તિત્વ એ ફકત તેનાજ વિચારનું પ્રકટીભવન સ્વરૂપ છે. વસ્તુ સ્થિતિ આ પ્રમાણે હોવા છતાં પણ અજાયબી એ છે કે–અનંત કાળ વ્યતિત થવા છતાં પણ જનસમુહનો મોટો ભાગ આ પરમ સત્યથી તદ્દન અજ્ઞાત છે. હા ! ખરેખર આ પરમ સત્યજ છે. લોકો પોતાનાં જીવન, કર્મ, ચારિત્ર, સુભાગ્ય, દુર્ભાગ્ય, આદિની જોખમદારી અનંતકાળથી વંશપરંપરાગત, સ્વભાવ, પરિસ્થિતિ

અને એવાં બીજાં અનેક બાહ્ય કારણો ઉપર નાખતા આવ્યા છે. લોકો પરિસ્થિતિને દોષ દે છે. પોતાના જીવનની ખામીયો માટે પણ ભાગ્યાદિ પરજ દોષ મૂકે છે. અને એ બધાં દુઃખોના કારણો માત્ર બાહ્ય વિશ્વમાંજ શોધ્યા કરે છે. પરંતુ અફસોસ કે–આંતરઃ સૃષ્ટિમાં ક્ષણભર પણ નજર નાખતા નથી છતાં પણ વાસ્તવિક રીતે તો પોતે જેવા થયા છે તેવા પોતાને કરનાર તેઓ પોતેજ હોય છે. "પોતાના મન ઉપર હકુમત ચલાવનારાજ સાચા જ્ઞાની છે." જો ઇંદ્રીયોના વિષયોનું ચિંતન કરે તો મોહ થાય છે, તેનાથી કામ, તેનાથી ક્રોધ અને પરિણામે સંમોહ થાય છે. તેથી મહદ્ હેતુ જે આત્મ લાભ તે નષ્ટ થાય છે, મન બુડે છે અને પ્રાણી અધોગતિ પામે છે. ગાફેલ, મૂર્ખ અંધશ્રદ્ધાળુનું દૃષ્ટાંત લો, તે પોતાના વિચાર વડેજ તેવો બનેલો હોય છે. નબળા, પોચા, ઢીલા, એવકુફાઇના વિચારો કરવાથીજ તેવા થવાય છે. જરા ધ્યાન પૂર્વક મનુષ્યનો ચહેરો તપાસો તો સ્વાભાવિક્તાથીજ તેના મનમાં કઇ જાતના વિચારો રમે છે તે જણાઇ આવશે. જેના ચહેરા પર નિરંતર ઉદાસિનતા હોય, ત્યાં વર્ષાૠતુની માફક તેના મનમાં હલકટ વિચારોનાં વાદળાં પર વાદળાં આવતાં હોય છે અને કદિએ એકે સદ્‌વિચાર એક ક્ષણમાત્ર પણ

ત્યાં ટકી શકતો નથી અને હરેક ક્ષુલ્લક હલકી સુચનાઓ માટે તેનું હ્રદયદ્વાર નિરંતર ખુલ્લુંજ હોય છે.

ભારે ખમ ચહેરો, દંભ, અને વિષયા શકિતની પ્રકટ છાપ છે. નીચ સ્વભાવ રૂપી વાદળામાં આત્મિય સુર્ય ઝલક આચ્છાદિત થઇ ગયેલ હોય છે. એવી રીતે અનેક પ્રકારનાં નિરીક્ષણ વડે માનવના મનોભાવ સમજી શકાય છે.

કદિ કોઇને શંકા થાય પરંતુ હું તો હરિ કૃપાથી ખાત્રી પૂર્વક કહુંજ છું કે–ઉંડાણ ભાવથી નિરીક્ષણ કરનાર કદિ ભુલ ખાયજ નહિ. પૂર્ણ પવિત્ર, પ્રભુમય વિચારવાન મનુષ્યના ચહેરા પર કદી પણ વિષયાસક્ત કામીના જેવી છાપ પડતીજ નથી. આત્મસંયમી અને વિરાગવાન હ્રદયી મનુષ્યના મૂખ પર વ્યસની ભાવ દેખાતોજ નથી. કારણકે કુદરત કદિ પણ ભુલ્ર કરતીજ નથી. આપણા આંતરિક ભાવો અવશ્ય મૂખ ઉપર પ્રકટે છે.

માત્ર ચોકસાઇથી નિરીક્ષણ થવું જોઇએ. અરે! કોઇપણ કૃપા કરો! સાચી દયા દેખાડો? અને એવા અજ્ઞાનીઓને પકડી પકડી મેઘ ગંભીર નાદે કહો કે–"અહો! ભુલો માં. ચિંતામણિ તમારી પાસેજ છે! સત્ય કિમીયાગરની ખરી ચાવી તમારી પાસે જ છે! શા માટે અધમ જીવનમાં

અથડાઓ છો ? તે મહાન બળનો સદુપયોગ માત્ર કરવાથી જ તમારાં અધમ જીવનરૂપ કથીરને ચિંતામણિ રૂપ કરી શકો એમ છો ! ”

અરે ! આટલું પણ જો કોઇથી થાય ! જો કોઇ આટલુંજ માત્ર કરે, તો નક્કી માનજો કે એવું કહેનારને એ ગદ્ધાના સરદારો ઘેલો જ ગણી કાઢે હો ! છતાં પણ બન્ધુ ! એ સત્યની પરમ સત્યતાનો વિચાર તો કરો ! તમામ લોકોમાં તેમના અંતર આત્મારૂપેજ આ અજાયબ, મહાન કથીરને ચિંતામણિ બનાવી દેનાર આશ્ચર્યકારક શકિત વિલસે છે જ, પણ અફસોસ માત્ર એટલો જ કે તેઓ તે જાણતા નથી. અરે ! પણ જનસમૂહ આ ગૂઢ રહસ્ય કયાંથી સમજી શકે ? કારણ કે તેમને દોરનારા આચાર્યો જ આ પરમ સત્યથી તદ્દન અજ્ઞાત હોય છે. તેમના ચોપડા, શૂન્ય ઉપદેશો આપ, લાવ, અને લઉંના મહા મંત્રો, આટલી ભેટ ધરો અને આટલી તપેલી ચડાવો, આટલાં સીધાં ભરો અને મધ્યરાત્રીએ ચાખડીઓ બનાવી આપો, એમાં જ સમાયેલા છે. આવા આવા અનેક પ્રસંગો તપાસો, પરંતુ તેમાં કોઇપણ સ્થળે, અણમોલ ચિંતામણિ જે માનવ અંતરાત્મારૂપે વિલસે છે અને માનવ હૃદય માત્ર

તેનો જ્ઞાનપૂર્વક સાક્ષાત્કાર કરે એટલી જ વાટ જુએ છે, તેની તો વાત જ નહિ મળે! તે વિષે એક શબ્દનો ઉચ્ચાર થયો પણ નહિ જણાય, અને કદી કોઇ એ વિષે બકવાદ કરે તો તેની બેવકુફોના સમાજમાં જ ગણત્રી થાય. અરેરે! કેટલી શોચનિય સ્થિતિ! પરંતુ અરે! કોઇ ધર્મ-ગુરૂ અનેકમાંથી માત્ર એક જ બહાદુર ધર્મગુરૂ પોતાનાં ખાણાં, પીણાં, લેણાંદેણાંની ટાયલા રૂપ નિરર્થક પંચાતોમાંથી પરવારી સર્વ સામર્થ્યથી, પોતાનું સર્વ બળ એકઠું કરી ઉચ્ચ સ્વરે પોતાના અનુયાયીઓને સંભળાવે કે "ઘરે જાઓ! શાંત થાઓ! એકાંતે બેસો! અને હે ધર્મભાવિ સેવકો! સુવિચારદ્વારા ચિંતામણિનું ચિંતન કરો." તો કેટલું સર્વોત્તમ કાર્ય થાય? એ બોધ કેટલી ઝડપથી ઝડપાય? પણ એ સુભાગ્ય ક્યાંથી? હરિ! હરિ! જેમ બનવાનું હોય તેમ બનો પરંતુ સદ્‌વિચારરૂપ ચિંતામણિનો સદુપયોગ કેમ કરવો એ તો મારા આત્મરૂપ સર્વ બન્ધુ બ્હેનોને કહેવું જ પડશે. એ ક્રમ કંઇ દુર્ગટ નથી બહુ જ સરલ છે. વિષેષ કહેવા કરતાં એટલું જ કહેવું બસ છે કે એની સરલતાનો સાચો ખ્યાલ ત્યારે જ આવે કે જ્યારે તેનો સ્વાનુભવ થાય! પણ એ વ્યકિતગત્ વિચાર થયો,

જ્યારે સમષ્ટીનો વિચાર કરીયે ત્યારે આગળ અભેદ્ય મૂશ્કેલીના કિલ્લાઓ દેખાય છે. અહો ! સકળ જન્મસમૂહ એ સાક્ષાત્કાર ક્યારે કરશે કે "કાંઇપણ માત્ર કરવામાં જ તેમની મુક્તિ નથી પણ મૂક્તરૂપ થવામાં જ છે," સદ્‌વિચાર માત્ર કરવાના જ નથી પરંતુ સદ્‌વિચારરૂપ થવું જોઇએ."

પોતાની સર્વોત્કૃષ્ટ જીજ્ઞાસાપુર્વક મનુષ્યે સુવિચાર દ્વારા આત્મ સાક્ષાત્કાર કરવો જ જોઇએ. જો કે આ સિદ્ધાંત બહુ સાદો છે પણ ખરે ! અતિ દુરદેશી અને અનંતકાલિય તેમજ અનેક ઉપાધીઓ યુક્ત લાગી જાય છે.

આત્મ સ્વરૂપ રામની ધારણા પૂર્ણ ઉંડાણમાંથી પૂર્ણ કાળ પર્યંત કરો, જેથી હૃદયમાં રામ સાક્ષાત્કાર કરવાનું દ્વાર ઉઘડશે આજ પ્રમાણે બુરાઇની ધારણા કરશો તો તેવુંજ દ્વાર ઉઘડશે અને પછી તેને બંધ કરતાં અનેક મુશ્કેલીઓ પડશે અને દિર્ઘ સમય લાગશે. માટે દરેક વિચાર ઉત્તમજ કરવો, ઇષ્ટ સબંધના દરેક વિચાર એ શું છે ? ઇષ્ટને પકડી લાવવાની અનેક સાંકળો છે. જેટલા પ્રમાણમાં વિચાર ખરાબ હોય તેટલા પ્રમાણમાં વિચારના પરિણામ રૂપ ખરાબી અવશ્ય થવાની. વળી વિશેષમાં એ કે ધૂળ કરતાં સોનું એ પૃથ્વીમાં વિશેષ ઉંડાણમાં છે. સારાં કરતાં નઠારૂં

વિશેષ નજીક છે તેથી ઝટ હાથ આવશે. માટે બહુજ સાવધાન રહો! વિચારો, જો પવિત્ર, મહાન અને ભલાઇના હશે તો તેજ નિયમાનુસાર પવિત્ર, મહાન અને ભલા થઇ શકાશે. કારણ કે "આંતરિક રૂપે જ મનુષ્ય પ્રકટ થાય છે." એ નિયમ અચળ છે.

પ્રભુ કહે છે કે–"પવિત્ર આત્મા જ ખરો આશિર્વાદ રૂપ છે કારણ કે તેજ બ્રહ્માનંદનો હક્કદાર છે.

સંકલ્પમય સૃષ્ટિ છે," એ સિદ્ધાંતનો સ્વાનુભવ સર્વ મનુષ્યે નિજ જીવનમાં અનુભવવાનો છે. જો આટલો સ્વાનુભવ લઇ શકાય તો સચ્ચિદાનંદ સ્વરૂપ કયાં અને કેવી રીતે વેગળો રહી શકે? ઇતિ રામ.

૪. ઇચ્છા—મહત્વાકાંક્ષા

હરિગીત

પ્રભુ સકળ મારી પ્રાર્થનાઓ સફળ કરતા પૂર્ણને,
જે જે ક્રિયા પ્રભુપદ ધરૂં હા ! હાશ થાતી પૂર્ણ તે.
મમ અર્જ કે વિચારથી પણ વધુ આશિષ આપતા,
પરિપૂર્ણ મુકત સુધા સ્વરસ સ્વાનંદ મયતા સ્થાપતા.

હા ! શું અજાયબ સૌ કર્યું પ્રભુએજ મારે કારણે !
મમ ધારણા ધ્વનિનો જવાબ, દિધોજ આવી બારણે.
આશ્ચર્યતામાં ગર્ક હું બકતો ફરૂં શું આ થયું ?
હું શોધતો તે સકળ હા ! કલ્યાણ મય જીવન કર્યું.

અશ્રદ્ધ મ્હારાં હૃદય ! સુણ હરિએ કહ્યું હું સાંભળું,
અતિ દિન તારી અર્જનાય જવાબ દઉ કદિ ના છળું.
એમજ અનુભવ આવીયોને વચન પાળ્યું શામળે,
પ્રિય ! આત્મ ! કાં ડર ખાય ? છે નાહક બરાઇ આમળે.

આશ્ચર્ય પામ ન બાપુડા ! કે "વચન હરિ નિજ પાળતા,
આશ્ચર્ય ખરૂં એ જો હરી ચૂકેજ ભકત નિવાજતાં.

શ્રદ્ધા સહિત ઉમેદવાર સુપ્રાર્થનાજ વિચારણા,
મણિરામ ચક્ર ચુડામણિ ફતેહ હરિમય ધારણા."

"આપણે કેવા થવું ?" એનો અર્થ એજ કે "આપણી શું ઇચ્છા—મહત્વાકાંક્ષા છે ?" ઘટનાત્મક વિચારણાના મૂળ રૂપે ઇચ્છા—મહત્વાકાંક્ષા રહેલીજ છે. સકળ આત્મબળપૂર્વક આપણે જે જે મહત્વાકાંક્ષા કરીયે, વિચારીયે, ઉત્કંઠાથી ધ્યાન ધરીયે, તેવીજ પ્રાપ્તિ થાય. ઘડીભર આપણે ધારીયે કે આપણે કંઇક ઇચ્છીએ છીએ પરંતુ આપણી એ ધારણાનું નિરીક્ષણ કરતાં તે ખરા ઉંડાણની ધારણા નથી હોતી. કદિ આપણે માનીયે કે આપણે કોઇ મહદ્ ઇષ્ટ પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ છે પરંતુ આપણી એ મહત્વાકાંક્ષાનું પૃથક્કરણ કરતાં તે પૂર્ણ ઉત્કંઠાપૂર્વક થએલી હોતી નથી એમ જણાય છે. એથીજ આપણને ઇષ્ટ પ્રાપ્ત થતું નથી. એ વખતે આપણે કહીયે છીયે કે—"હા! ઠીક! હું તે ચાહુ છું તો બહુજ પણ તેની મને પૂર્ણ ખાત્રી થતી નથી." આવી જાતની ઇચ્છાઓ

ખરી ઘટનાત્મક હોતીજ નથી. એ સળેલા બીજ જેવી હોય છે. એ માત્ર, તુરતજ પેદા થઇ તુરત નાશ પામનાર કલ્પનાજ હોય છે. આવી ઇચ્છાઓથી એમ ન ધારવું કે આપણને કંઇ નુકશાન નથી ? વિરૂદ્ધ પક્ષે મને સ્વાનુભવ છે કે તે ઘણી નબળાઇ આપનાર, અતિદુઃખદ અને ચારિત્ર પટ પર ભયંકર ચિત્રો પાડનારી હોય છે.

જો મજબુત. માનસિક બળ, પ્રબળ ઇચ્છા શક્તિ, અને અલૌકિક આત્મ શક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, અને વિશ્વમાં ભલાઇનો ભંડાર બનવું હોય તો માત્ર માયિક છાયા, ઉડતી ઇચ્છાઓ, ક્ષણભંગુર આશાઓ, અને અનિશ્ચિત ક્ષુલ્લક વિચારણા તરફનાં હૃદયદ્વાર તદ્દન બંધજ કરવાં. ઘડી બે ઘડી, દિવસ બે દિવસ, માસ બે માસ, કે વરસ બે વરસ સુધીમાં એકાદ ઐહિક ક્ષણિક ઇચ્છા કરી પછી વળી બીજી કરવા માટે તેનો ત્યાગ કરવો એ તો ઘણુંજ શક્તિનાશક છે તેમજ આત્મશક્તિનો ક્ષય કરનાર છે. અને આવી રીતે ક્ષુલ્લક કલ્પનાઓ વારંવાર કર્યા કરવાથી એ કલ્પના કરનાર, કોઇ સહેતુક મહત્વાકાંક્ષાની ધારણા કરવા કે કોઇ મહદ્ ઇચ્છાની સફળ ધારણા કરવા માટે સંપૂર્ણપણે નાલાયક બને છે. આવા

માણસો માત્ર અધમાધમ ગતિના વર્ણન કરાયેલ ખરેખરા નારકી જીવજ છે.

કારણ કે–"જે ચળાયમાન થાય છે તે પવનના ઝપાટાવડે ધસડાતા, પછડાતા, ઉઠતા, પડતા મોજાં જેવા છે. એવા માણસોને કશી પણ આત્મશકિત પ્રાપ્ત થતી નથી, દુર્વિધ મનોગતિને સાનુકુળ માર્ગ સાંપડતોજ નથી.

આ પ્રમાણે હમણાં કાંઇ અને પછી કાંઇ એવું જે કોઇ ઇચ્છયા કરે તેનું મન ચળિતજ હોય છે. દરેક ઝપાટાથી આવા મનુષ્યોનું મન ગભરાજ કરે છે, અને સુકાન વગરના વ.ાણની પેઠે ગોથાં ખાતા ધ્રૂવ કાંટા વગરના તોફાની જીવન સમુદ્રમાં ભટકતા કોઇ પણ રીતે સુનિશ્ચિત કિનારે કે બંદરે પહોંચ્યા વિના અથડાયા કરે છે અને આખરે પોતે પોતાની નૌકાને ભાંગી નાખે છે. આવા પ્રકારના મનુષ્યે કોઇપણ પ્રકારના શુભ કલ્યાણ પ્રાપ્ત કરવાની આશાજ ન રાખવી.

આ ઉપરાંત એક બીજો નિરાશારૂપ દુઃખદ શત્રુ પણ છે, એ આપણી શુભેચ્છાઓ સાથે મળી જઇ, તેના ચૂરેચૂરા કરી નાખે છે. ઘણીવાર એવો અનુભવ આપણને થાય છે કે–આપણી અમુક શુભેચ્છા વસ્તુતઃ પોતે તો

પૂર્ણ સત્ય તથા ઉંડાણુવાળી હોય છે પણ સાથે નિરાશા પણ ઉભરાતીજ હોય છે. થોડા વખતપર મારો એક મિત્ર મને મળ્યો. હું જાણુતો હતો કે તે પોતાના મનમાં પૂર્ણ ભાવથી એક પ્રકારની ચોક્કસ કલ્યાણુાત્મક શુભેચ્છા, પોતાના જીવનને પરમાનંદમય બનાવવા કરતો હતો. પરંતુ એ ઇચ્છા પુરી કરનાર પ્રભુમાં તેને વિશ્વાસ નહોતો. આ શુભેચ્છા પુરી થશે કે નહિ તેનો તેને નિરાશાજનક સંદેહ હતો. આવી રીતે તેની ઉંડાણુવાળી શુભેચ્છા સાથે નૈરાષ્ય જોડાયેલ હોવાથી તેણે અતિશય કડવાશથી કહ્યું કે-''ભાઇ ! કલ્યાણુ માટે મથવું કશું ઉપયોગનુંજ નથી.''

આવી ઇચ્છાઓ સફળ પરિણામ લાવવામાં તદ્દન નાલાયકજ અશકત જ છે. કારણુ કે અવિશ્વાસથી તે નષ્ટ થઇ જાય છે. તેમ શ્રદ્ધા વિના ઇચ્છિત શોધ પણ પુરી થતી નથી. તો પછી પ્રાપ્તિ તો કયાંથી જ થાય? રામ.

અહિં મારે ખુલ્લું કહી દેવું જોઇએ કારણુ કે કદાચ કોઇ મારા કથનનો ગેરસમજુતીથી એવો અર્થ કરે કે "હું કાંઇ એક અંધ શ્રદ્ધાવાન, અશાસ્ત્ર શીખવવા તો નથી બેઠો? કે બસ! મુખ ખોલો, આંખ બંધ કરો અને જુવો કે હરિ તમને શું આપે છે?" નહિ, બિલકુલ નહિ,

એમ કહેવાનો હેતુ છે જ નહિ, ઇચ્છા એટલે કોઇ પરમ શ્રેષ્ટ મહત્વાકાંક્ષા. પ્રભુપ્રાપ્તવ્યની જીજ્ઞાસા. અથવા તો કોઇ સાર્વજનીક ઉપયોગિતા અથવા કોઇ વિશાળ, ઉન્નત, સર્વોત્તમ, સુલભ્યા, પરમ આશિર્વાદાત્મક તક. કે જે તક વડે સર્વ શક્તિવંત સર્વોત્કૃષ્ટ પરમાત્મારૂપ ઇષ્ટ પ્રાપ્તિ થાય. એવો જીવન સર્વસ્વનો સફળ પ્રયત્ન એનુંજ નામ ઇચ્છા છે.

પ્રિયાત્મન્! આવી સુયોગ્ય પરમ જીવ સટોસટની રમતમાં ઉત્કટ જીજ્ઞાસુ થઈ આપ બેસી ધારણા કરશો કે? કરો! કરો! જીવન ક્રમ તમામ ઉત્તેજીત બનાવી દો. બની જશે. હરેક સાધન સામગ્રી સંચયનો હોમ ઇષ્ટ પ્રાપ્તિના યજ્ઞમાં કરી નાખો તમારાથી એમ થઇ જશેજ.

ગમે તેટલી શક્તિનો ક્ષય કરતાં પણ ઇષ્ટ, પ્રાપ્તિ કરો. કોઇ પણ જાતની ક્રિયા, વિચારણા વગરજ આળસાઇ કે પ્રમાદમાંજ ફક્ત શ્રેય લઇ લેવાની ઇચ્છા ન રાખો. ઉઠો! જાગૃત થાઓ! અને ઇષ્ટ પ્રાપ્તિના કાર્યમાં ગમે તે ભોગે પણ મચ્યા રહો! આજથીજ પ્રયત્નારંભ કરો, અને મને ખાત્રી છે કે તમે વિજયી થશોજ. રામ. "પણ ધારો કે મને યોગ્ય લાભપ્રદ નથી એવી કોઇ ઇચ્છા થાય તો?" આવો પ્રશ્ન વારંવાર પુછવામાં આવે છે.

જવાબ એજ કે ઠીક ! ભાઇ ! જો એમજ છે તો ઉત્તમ રસ્તો એજ છે કે શું યોગ્ય છે તે સ્વાનુભવથી શીખવા માટે તમારૂં ઇચ્છિત તમારે પ્રાપ્ત કરવું અને અનુભવ લેવો કે શું સારૂં અને શું નઠારૂં ! માત્ર મારૂં માનવાથી જ તમને શ્રદ્ધા નહિ રહે, તમારૂં ઇચ્છિત તમને નહિ મળે ને મારૂં કહેલ પણ નહિ કરો, પરિણામ એ આવશે કે તમે કલ્પના કર્યાજ કરશો કે–"અરે ! જો હું ઇચ્છતો હતો તે મળ્યું હોત તો મારૂં જીવન પૂર્ણ બની જાત." દાખલા તરીકે–જે માણસને વિપુલ ધનની ઇચ્છા હોય, અને જે માત્ર નાણાને ખાતરજ નાણું ઇચ્છતો હોય, અને દુનીયાં પોતાને અબજાધિપતિ તરીકે ઓળખે એવી આકાંક્ષા રાખતો હોય તો તેનો પ્રયત્ન પરિણામે ધૂળ મળે છે. માત્ર દિવાસળીને ખાતરજ હજાર કોસની દોડાદોડ હોય નહિ. પરિણામમાં દુઃખ દારિદ્રતા અને દુઃષહદારજ ભાગ્યમાં મળે, અને આત્મ સંતોષ કદાપિ પણ ન થાય. પરંતુ એ જુતીયાં જ્યારે સ્વાનુભવે ખવાય ત્યારેજ ઐહિક પારલૌકિક સફળ આશાઓ મૃગજળવત સમજાય અને પ્રભુ તરફ વળાયઃ રામ.

માટે સુવિચારણાની રિતી શીખવા માટે સ્વાનુભવિઓ પાસેથી જ્ઞાનાનુભવ લેવો અતિ અગત્યનો છે. પ્રભુની આજ્ઞા

પણ એજ છે કે–પ્રથમ મારૂં પોતાનું ઘરજ તપાસો અને મારી સચ્ચિદાનંદતાનીજ શોધ કરો. એટલે બધું તમારૂં થવાનું, પ્રભુના ઘરની તપાસ કરતાં સર્વ શ્રેષ્ટતાનીજ આકાંક્ષા કરવી. જે વડે આપણે સર્વને ઉપયોગી થઇ પડીયે એવીજ ઉત્કટ જીજ્ઞાસા કરવી. અને એ ધારણામાંથી ધ્યાન અને પછી સમાધીમાં ચડવું. સકળ વિશ્વમાં બાંધવ બહેનો બ્રહ્માનંદી બની જાય એવી ભાવના ઘટનાત્મક રૂપમાં લાવવી **'સર્વોત્તમ બ્રહ્માનંદની જીજ્ઞાસા કરો'** એ આજ્ઞા "બ્રહ્મસુત્ર" દ્વારા સંભળાવનાર પ્રભુનો આંતર હેતુ એજ છે. અને એથીજ એના વૈશ્વિક વેદાંતમાં સ્વાનુભવિ ગ્રંથોમાં આવું પણ લખાયેલ છે કે–"જે કાંઇ પરમ સત્ય, પરમ પ્રમાણિક, પરમ ન્યાયી, પરમ પવિત્ર, પરમ પ્રેમાળ, પરમ વિખ્યાત, અને વિશાળ છે અને જેમાં સત્–ચિદ્–અને આનંદ સ્વરૂપતા સ્વભાવ સિદ્ધ છે તેજ તમારો બ્રહ્મથી અભિન્ન આત્મા છે. તેનુંજ અખંડ ચિંતન કરો." ઇતિ રામ.

૫. આપણે કેવા થવું ?

"બ્રહ્માનંદની ઉત્કટ જીજ્ઞાસા એજ બ્રહ્માનંદ મળવાનો સુલભ પંથ છે." "મનને પ્રગાઢ શાંતિ અર્પો જેથી અનંત, અખંડ, મહાન ખજાનો, જે વિશ્વમાં અંતર બાહિર, ઉપર નીચે, આસપાસ અખુટ ભરેલો છે, તે અને તેના પરમ પ્રેમાસ્પદ સૌન્દર્યનો સ્વાનુભવ થશે." આપણા અંતરાત્મા રૂપે જે પરમ તત્વ છે, આપણી જે જે પરમ જીજ્ઞાસા છે અને આપણા આત્મિય આનંદને જે જે ખાસ અનુકુળ છે, તે સઘળું પરમાત્મામાં આપણે શોધી લેવાનીજ રાહ જુએ છે. શોધે તેને જરૂર મળે છે.

જળ, ઓળખે નિજ સ્વરૂપને તેથીજ પર્વત શૃંગથી,
પડતા ઝરાઓનેજ ખેંચી વહન થાય ઉમંગથી.
તેવીજ રીતે નિર્મળાત્મા પૂર્ણ સ્વાનંદિ અને,
આકર્ષિય સકળ ભલું નીજના પ્રભાવે નીજ કને.

આપણે માત્ર આપણા પવિત્ર શાસ્ત્રોનાજ કિંમતી મહા વાક્યોનેજ પકડી રાખવાનાં નથી. તેમજ તે બધા

કહે છે તેજ માત્ર સત્ય છે એમ પણ માની લેવાનું નથી. કારણ કે એવું માત્ર આપણા અપૌરૂષેય વેદોમાંજ વદાયેલ છે એમ કંઇ નથી. પરંતુ વિશ્વના સકળ ધર્મોના પવિત્ર ગ્રંથોનો પણ એજ સિદ્ધાંત છે કે–"સત્યવાદિ પ્રત્યે સકળ સત્યરૂપે પ્રકટ થાય છે." "ભલા હો ભલા હોગા," "**जीमी सद्‌गुण सज्जन पर आवा,**" "પ્રભુ પાલક પિતા છે જેથી આપણે ઉણપ પડવાની નથી," "જેઓ સદ્‌ભાવ સહ સ્વામી માર્ગે ગમન કરે છે તેમને સદ્દગુણોનો તોટો પડવાનો નથી," આમ હોવા છતાં પણ ઘણા કાળથી માનવની મતિ મુંઝાઇ ગઇ છે. અને તેથીજ ઉંધું મનાઇ ગયું છે. ઘણા લોકો એમ માની બેઠા છે કે ભગતડાઓ કે જે પ્રભુને વધુ સેવે છે, અને વધુ પ્રેમ દાખવે છે તેમની જીંદગીની કઠણાઇ અને કષ્ટો અપાર હોય છે. અહો ! કેવી ધર્તીંગરૂપ ગેબી ગર્જનાઓ આ પામેલાંઓ પ્રકટાવે છે એ સમજતાં અજાયબીજ થાય છે ? આવાં કાલ્પનિક અને અસત્ય કથનો વડે ઘણાએ યુવાન હૃદયો તેની સત્ય નિષ્ઠામાંથી અને પવિત્રતામાંથી ભ્રષ્ટ થાય છે ! અનેક આત્મા જે પૂર્ણાનંદના ભોગી થાત તે માત્ર આવા કારણોને લઇને અજ્ઞાનાધંકારમાંજ ગોથાં

ખાતા રહી જાય છે. જેઓ પરમાનંદી થઇ હસતે મૂખડે આ સંસારમાં વિચરી શકત તેઓ ભાંગેલું હૃદય, ઉદાસીન મુખ, અને દુઃખદ પરિસ્થિતિ લઇ વિશ્વચક્રમાં ભ્રમણ કર્યા કરે છે. મૂર્ખાઓ પોતાના સ્વાનંદ સુખનો સંહારતો કરે છે પણ બીજાઓના આનંદમાં પણ ભંગ પાડે છે અને છતાં એ કામ ઠીક થાય છે. એમ બેવકુફો માની બેઠા છે.

જ્યારે દુઃખદર્દાદિ આવે છે ત્યારે પણ પ્રભુના શિક્ષાત્મક હાથનો આભાર માનવા જનસમુહને વિનવાય છે. અને એ વખતે એ ગમારો બધાં દુઃખાદિનો ભાર પણ પ્રભુ ઉપર નાખે છે. અને પ્રભુને ભજતાંજ દુઃખો પડયાં એમ માને છે. વિશેષમાં, દુઃખ ભોગવીએ ત્યારેજ પ્રભુ આપણા તરફ પ્રેમ બતાવે છે એમ ઉલટું સુલટુ સમજી જાય છે. પ્રભુ ભજતાં છતાં પણ સવિશેષ દુઃખદ પરિસ્થિતિ આપત્તિ અને સંકટોના સમુહનું કારણ પણ એજ ગદ્ધાઓની ગેરસમજ છે.

પણ વ્હાલાંઓ! જરા સમજો તો ખરા કે, આપણા દુઃખાદિ આપણને ઇશ્વર દેતો નથી. ભુખમરો અને આપત્તિ એ કરૂણામય પ્રભુની બક્ષીસ કેમ હોઇ શકે? જરા તો વિચારો! આપણે કુકર્મ કરીયે અને તેના ફળરૂપે દુઃખ

ભોગવીયે આપણે અવળા અને અયોગ્ય વિચારો કરીયે અને તેથી આપત્તિ આવી ઉભી રહે એમાં પ્રભુનો શો દોષ? આપણે અજ્ઞાનતાની બેડીઓ પહેરવી પસંદ કરીયે, તેમાંજ બંધાઇ બેસીયે અને પછી નિરાશાસુચક અવાજે પૂકાર કરીયે કે; અરે! પ્રભુએ તો બધું બગાડી નાખ્યું! સેવા, પૂજા, પુજન, અર્ચન, કિર્તન, ભજન કાંઇપણ કામ ન આવ્યું. રામ.

" उतिष्ठत ! जागृत ! प्राप्यवरान्नि बोधत ! "
ઉઠ! જાગૃત થા! ઉંઘ માં! મૃતઃપાય નિદ્રામાંથી જાગી જા અને પરામાત્મ પ્રકાશ મેળવી લે.

તારી શી ઇચ્છા છે? તું કેવો થઇશ?

એ પ્રશ્નોનો પ્રભુને સંતોષકારક પ્રત્યુત્તર દે, સત્ય જવાબ દેનારને પ્રભુદર્શન અવશ્ય થાય છે, અને અચળ વિશુદ્ધ શ્રદ્ધા પ્રાપ્ત થાય છે.

" શુભેચ્છા " એ પ્રથમ પગથીયું જ " अथा तो ब्रह्म जिज्ञासा" નું મૂળ છે. એ શુભેચ્છાતહ બ્રહ્મજીજ્ઞાસા-થીજ બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. ઐહિક સુખ લાલચોમાં લટકી રહેતાં કે દારિદ્રતાની ચક્કિમાં ભરડાતાં કે દુઃખમાં દબાઇ રહેતાં શું બ્રહ્માનંદ મળે છે? નહિ, નહિ! એ

આશાજ નકામી છે. દરેક તરફથી આવતી ખોટમાં શું વહેપારીની ઉન્નતિ છે કે ? દર્દ અને દારિદ્રતાના તનમનમાં ઇશ્વરી આનંદની વાત વૃથા છે. લાલચુ ડરકુ વૃત્તિ નિરક્ષરતા અજ્ઞાન, કેળવણી ને સદ્‌વલણનો અભાવ, તૃષ્ણાતુરતા, નૈષ્ઠુર્ય, અમિત્રતા, અસદ્‌ભાવ અને એવા એવા કનિષ્ઠ સત્વોથી ભરેલું હૈયા પિટીયું જીવન શું આત્માનંદની રસાકણુ રળી શકે કે ? રામ રામ. જેનામાં આપણે શ્રદ્ધા હોવાનું કહીએ છીયે અને જેને આપણે અનુસરનારા છીએ એમ માનીએ છીએ તે રામે શું કહેલ છે તે જરા આંખો ઉઘાડીને જુઓ–પ્રભુ પોકાર કરે છે કે–"**તમને બ્રહ્માનંદ અર્પવા હું આવેલ છું.**"

પ્રભુ જાણે છે કે આત્માને સ્વાનંદની જરૂર છે અને તેથીજ જીવન પ્યાલો અમૃતથી છલકાવવા પ્રભુ પધારે છે. પ્રિય વાંચક ! તુ કેવો થઇશ ? શું ઇચ્છિશ ? તને શાની જરૂરીઆત છે ? અને પૂર્ણ સ્વતંત્ર, સ્વાનંદી, મૂકતાત્મા તરીકે વિચારવામાં તને શી શી અગત્ય છે ? જનસમાજમાં, તારે મજબુત, સર્વોપયોગી, સ્વાનંદી સ્વજન થવું છે ? હા ! હા ! એ તારી ઇચ્છા તો હોવીજ જોઇએ ! જો એવી ઇચ્છા સતત કરીશ તો એવો થવાનોજ. "હરિને ઘેર

તો હિસાબ ઠિક છે કોણ વેરી કોણ વાલોરે "**समोहं सर्वं भूतेषु**" હરિનો કોઇ પ્રિય જન નથી, તેણે તો ભલા બુરા બધાને ઘરે પ્રકાશ આપવાનો સુર્યને હુકમ કર્યો છે. તેમજ ઉકરડા અને બગીચામાં સર્વત્ર એક સરખી રીતે વાવાની આજ્ઞા દીધી છે. સારાં ક્ષેત્રો સાથે ક્ષાર સમૂદ્રમાં વર્ષવાની પણ મેઘને છુટ છે. આવા આવા મહાન વઝીરોને આ પ્રમાણે હુકમ આપનાર હરિનું વર્તન વિરૂદ્ધ હોયજ નહિ. કહેવાનો હેતુ એજ છે કે-પ્રભુ તરફથી આવતું-અપાતું-બધું સર્વને એક સરખી રીતે અને પૂર્ણ છૂટથીજ અપાય છે. ઝુંપડી અને મહેલ, યજ્ઞશાળા અને કસાઇખાનામાં સુર્ય સરખુંજ અજવાળું આપે છે. સારા નરસા ક્ષેત્રોમાં મેઘ પણ સરખોજ વર્ષે છે, પ્રભુ સર્વને સમાનપણેજ આપનારો છે. એ રામ કૃપાનો લાભ લેવામાં અડચણો માત્ર જીવેજ ઉભી કરેલી હોય છે. "તું સારો તેથી તારૂં સારૂં થયું" અને "હું બુરો તેથી બુરૂં મળ્યું" એવી કલ્પના જીવનીજ ઉભી કરેલી છે. સીમા, વાડ, આડચ, એ માત્ર માનવ મનમાંજ ઉભી થએલ છે. ભુલભરેલા વિચારોનુંજ એ પરિણામ છે. અને તેથી તે જીવને ભોગવવુંજ પડે છે. નિરાંતે બેસી પ્રિય ! એકાંતમાં શાંત ચિત્તે વિચાર કરી અંતરના ઉંડામાં ઉંડા

ભાગમાં ઉતરી જઇ આજેને આજેજ તપાસ કરો અને શોધી કાઢો કે તમારી જીવનમુક્તાવસ્થા, પૂર્ણાનંદી જીવન બનાવવામાં શી શી ખામીઓ અને જરૂરીઆતો છે? આ શોધ કરો અને ખાત્રી રાખજો કે-તે અગત્યતા, જરૂરીયાતો, ગમે એટલી અણુમોલ હશે તો પણ પ્રભુના ભંડારમાં તો તમને આપવા એ અનંત છે. પ્રભુનો આભાર, ઉપકારગૃહિ અગત્યતા તત્કાળ ગ્રહણ કરો અને તુરતજ સ્વાનંદી, શ્રદ્ધાળુ જ્ઞાની થઇ વિચરો એટલે જીવનમાં એ સર્વ સ્વાનુભવમાં પ્રકાશ થવા માંડશે.

યોગ્યતાવાળું જીવન ગાળો એટલે સુયોગ્ય મળશેજ.

જે જે ખામીઓ જણાય તે સુધારવાની આંતરીક ચીવટ રાખો, પ્રભુ પાસે માગો જેથી મળશેજ. આ સર્વ, એ માત્ર લેખકનો બકવાદ કે સાંભળેલી, વાંચેલી વાતો નથી. સ્વાનુભવ છે. લગભગ વિશ વર્ષ દરમ્યાન લેખકના હૃદયમાં આ પ્રકાશ પડતો આવ્યો છે, અને તેમાં અનેકાનેક આવૃત્તિ થતાં સ્વાનુભવમાં આજે સંપૂર્ણ સમજાયું છે.

અખંડાનંદની ઉત્કટ જીજ્ઞાસા ધરાવનારને તે અવશ્ય મળે છેજ. હજારો સર્વોત્તમ તકો આંતરીક ઉંડાણમાં ઇચ્છેલ તે આજે હથેળીમાં રમે છે. પ્રેમ, મૈત્રી,

જ્ઞાનાનંદ, સ્વામિ સેવા, અને જીવનનું સર્વસ્વ પણ એમજ જ્યારે હૃદયમાં વિચાર ચક્ષુ ખુલે-પ્રભુથી સાચો સબંધ સંધાય, વિશ્વાત્મામાં ઐકયતાનું ભાન થાય, ત્યારે સર્વ કોઇને હક્ક પૂર્વક મળે છે. ચોપડીમાં ન ચીતરી શકાય એવા બ્રહ્માનંદના ઉભરા ઉભરાઇજ જવાના. સવિશેષ કલ્યાણ-ભલું કરવાની અનંત તકો, વિશાળ ક્રિયાત્મક ક્ષેત્ર, અને પરમ વિજ્ઞાન એ બધું પ્રભુ ભંડારમાં આપણા માટેજ છે. આપણુંજ છે. પોતાના પરમ શ્રેયસની મર્યાદાજ નથી. માત્ર મૂર્ખ મનજ તેને મર્યાદિત કરી નાખે છે. બીજું કોઇપણ કરતું નથી. રામભકત બનવાની નાલાયકી પ્રકટ કરનાર જેવા કે-આળસ, પ્રમાદીપણું, અવિશ્વાસ, આદિ દુર્ગુણોવાળાં જીવન વડે આપણા તરફ ધસી આવતાં કલ્યાણને પ્રવેશ કરવાનાં ખુલ્લાં દ્વારને બંધ કરીએ તો પછી દોષ માત્ર આપણી જાત શિવાય બીજા કોને દઇ શકીએ ? જો મુર્ખતાથી કુવિચાર કે અસદ્ વિચારના ખાડામાં પડી તો પછી જરૂર શ્રેયસનું સત્યાનાશ થાય અને પાપમાં પડી રહેવાય. મહાત્વાકાંક્ષા નષ્ટ થાય, અને શૂન્યતા, અને અજ્ઞાનતાનાં છાલાં છણવામાંજ રહી જવાય તેમજ મૂઢતાની મદ મોહ ભરી સુરધી બની જવાય.

બન્ધો ! એવું પતન થવા ન દેશો હોં ! માત્ર આટલાથી બચ્યા એટલે સમજો કે સર્વસ્વ આપણુંજ છે. અને પ્રિય પાઠકગણુ ! પિતાનું તે પુત્રનું છેજ. પ્રભુનું તે ભક્તનુંજ છે. સ્વાનંદી થા, ખુશ થા, જો તું મૂર્ખતાથી અધમ થા તો તને કોઇ અટકાવે એમ નથી, પરંતુ તું અધમ, પાપી, નારકિ વાસ્તવિક તો નથીજ. તું તો પ્રભુનું સ્વતંત્ર આનંદી બચ્ચું છો. તું જો દરિદ્રને હલકટ થવા ન ઇચ્છે તો તેવો કદિ પણ થવાનોજ નથી. કારણુ કે બ્રહ્માનંદ નિધિ તારો પરંપરાગત વારસો છે. ત્યારે અકલ્યાણુ કે અસુખ અગર અશાંતિ એ કદિ પણુ પ્રભુભક્તિ કે કૃપાનું ફળ નથી, તારી વિચારની ઉંધાઇનાંજ એ બધાં વાદળાં છે.

"આનંદી બન્યા વિના ધાર્મિક થવાયજ નહિ." નઠારી વિષયી સ્થિતિ પસંદ કરતાં અને એરંડીયું પીધા જેવું ડાચું લઇ ફરતાં પ્રભુ કિર્તિ વિસ્તાર કરી શકાયજ નહિ. અવિદ્યા, આસુરી સંપત્તિ, અજ્ઞાન એ બધી અવળ માનસિક સ્થિતિ અધર્મ્યજ છે. અને તેનું સચ્ચિદાનંદમાં સામ્ય કદાપિ પણુ છેજ નહિ. એ બધાં અસદ્ વિચાર ભુલો, ભ્રાંતિમય કલ્પનારૂપ આસુરી વિશ્વનીજ અધોગતિએ લઇ જનારી મિલ્કત છે.

પ્રિયાત્મન્ ! એ સર્વમાંથી ભાગો ! ઝટ બહાર આવો ! આવો ! આવો ! સ્વાનંદ, શાંતિ, અનંતતા, વિજ્ઞાન, અમૃતાનુભવ, સ્વતંત્રતા, અને સચ્ચિદાનંદના સામ્રાજ્યમાં પ્રવેશો ! એમાં પ્રવેશ કરવાનો માર્ગ માત્ર સદ્‌વિચારણાજ છે.

સુદૃઢ બનો ! સત્ય અનુભવો ! અને એ સત્ય આત્માનુભવ મુક્તતા અવશ્ય આપશેજ.

સર્વાંત્તરયામીના સર્વ શ્રેયકર સૌંદર્ય નિધાનત્વમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખો. શ્રેયસ્ વિચારણા પથે ગમન કરો કલ્યાણ પોતાની વિજયમાળા અર્પવા આપણી સામુંજ ધસતું આવે છે. ઇતિ રામ.

૬. પરિસ્થિતિ પર સંકલ્પ બળની અસર-સત્તા

સાધારણુ જનસમૂહની સમજ મુજબ પોત પોતાને થતાં સુખ દુઃખ સંબંધે પરિસ્થિતિ પર મહાન આધાર મનાયેલ છે. એ તો નિર્વિવાદ છે કે ઉપલી માન્યતા જન સમાજમા અતિ પ્રચલિત છે છતાં પણુ એ વિષય પરત્વે દષ્ટિપાત બે કેન્દ્રમાંથી થઇ શકે છે. એક કેન્દ્રમાંથી જોતાં તો એમજ જણુાય છે કે-" અમે અને બીજાઓ પરિસ્થિતિનાજ ભોગ થઇ પડીયે છીયે." એવા લોકોની આસપાસ દષ્ટિપાત કરતાં કચરો, ગંદાઇ, દુઃખ, દરિદ્રતા, મુશ્કેલીઓ અથાગ જોવાય છે. અનેક સ્થળે જોતાં અનેક જીવ ગાંજો, ભાંગ, બિડી, તમાકુ, અફિણુ, દારૂ આદિના દુર્વ્યસનોના ભોગ થઇ પડેલા હોય છે. કોઇ કોઇ સ્થળે ગંજીપા, ચોપાટ, અને જુગારના ઝપાટા પડતા પણુ દેખાય છે. આવાં દ્રશ્યો ખાસ કરીને શહેરોમાં સવિશેષ અને ગામડામાં થોડા પ્રમાણુમાં પણુ નજરે પડે છે. કોઇ લોકો વનમાં, ગુફાઓમાં

ઝુંપડાંમાં કે રાજમહેલોમાં પણ કેદિના જેવી જીંદગી ગુજારતા જણાય છે. અને એ બધા ખરાબ પરિસ્થિતિ ઉપરજ દોષ દેતા જણાય છે. એક દિવસ એક માણસને એવું બોલતાં મેં સાંભળ્યો કે-આવી પ્રતિકુળ સ્થિતિમાં સારૂં જીવન શી રીતે ગાળી શકાય? અમારા પાડોશીયો તરફ તો જુઓ! કેવા પલિત જેવા છે! ઘર તરફ તો નજર કરો કેટલું ગંદું છે! અને કેવાં અવળચંડી જોગમાયાની સત્તામાં છે? અને વળી અમારી આસપાસના સગાસંબંધીઓ અને સ્નેહીઓને જુઓ કેટલા સ્વાર્થી છે?" આવું બોલનારા લોકો ખરેખર વાસ્તવિક સત્યને તો જોઇ શકતા નથી. કે જે સ્થિતિમાં પોતે હાલ છે તે સ્થિતિ તેની પોતાનીજ પસંદ કરેલ, ઇચ્છેલ, અને ઉપજાવેલ છે. તેમના સંગીઓ, દુઃખ, દરિદ્રતા, કચરો ગંદાઇ, અને જોગમાયાનું જોડાણ એ બધું માત્ર પરિસ્થિતિનુંજ પરિણામ નથી. પરંતુ તેના પોતાનાજ પ્રાથમિક એવી પરિસ્થિતમાં પડવા યોગ્ય થવાના સંકલ્પોનુંજ પરિણામ છે. માટે જો આવી ખરાબ પરિસ્થિતિ હોય તો, તે માત્ર તેનું પોતાનું ઉપજાવેલ પલિત છે. આ બાબતની ખરી સાબીતી કોઇપણ વેળા મુંબઇ જેવા દુનિયાના નર્કમાં જઇ જોઇએ તો અને લોકોનું નિરીક્ષણ

કરીએ તો ઝટ નજરે પડે છે. કોઇ દારૂડીયો નજરે પડે તો તેને પકડો, સમજાવો, તેના ખરાબ મિત્રો એને દારૂ મૂકવા બોધ આપો, ધીમે ધીમે તેની હાલત બદલાતી જવાની અંતે વ્યસન, અને ખરાબ મિત્રો છુટી જવાના અને સોગીયાને બદલે સ્વાનંદી, ચિથરેહાલને બદલે સારા પોશાક-વાળો, કાતરીયાંને બદલે સારી કોટડીમાં રહેનારો, અને પાજીને બદલે સારામાં ગણાય એવો તે બની જશે. સૂર્ય આગળથી ઉડી જતી ઝાકળની પેઠે તેની પ્રથમની વિપરીત પરિસ્થિતિનું પ્રાલબ્ધ નથી પણ તેના પોતાના વિચારોની નબળાઇઓનુંજ છે.

"મનોનિગ્રહ, સત્ય, સફળ સંકલ્પો કરવાથી પરિસ્થિતિ ઉપર કાબુ મેળવી શકાય છે. અને સ્વામિત્વ સ્થાપી શકાય છે.

કોઇપણ પવિત્ર મનુષ્ય અપવિત્ર પરિસ્થિતિમાં પડવો અસંભવ છે. દારૂના વ્યસનથી હજાર ગાઉ દૂર ભાગનાર પીઠામાં પહોંચેજ કયાંથી? મેહેનતુ, ઉદ્યમી માણસને આળસુનો સંગજ ન હોય, પણ જો અવળ પરિસ્થિતિમાંથી સત્ય જીજ્ઞાસા કે ઉત્સાહ વિનાજ કોઇ માણસને ઉપાડશો તો તે પોતાને વળગેલી ખરાબ સ્થિતિને

જરૂર સાથે લાવવાનોજ! અને બીજે સ્થળે પણ તેવીજ હાલત ઉભી કરવાનો! માટે પ્રથમ તો મનુષ્યના મનનેજ બદલી નાખો, પરિસ્થિતિ તો તેને આધિન થઇ સ્વયં બદલાઇ જવાની.

હવે આ સવાલ તપાસવાનું જે અન્ય કેન્દ્ર છે તેના તરફ પણ દુર્લક્ષ કરવા જેવું નથી. આપણે ઘણીવાર જોઇએ, સાંભળીએ છીએ કે-ઘણાએ કેળવાયેલા અને વિદ્વાન માણસો જેઓ ઉપયોગી વિશાળ સ્થળોમાં વસતા હોય, દેખીતી રીતેજ માયાળુ મિત્રોથી દોરાયલા હોય અને અનેક પ્રકારની લાભપ્રદ પરિસ્થિતિમાં હોય છતાં તેઓ પોતાની પરિસ્થિતિ સબંધે ફરીયાદ કરતા હોય છે. તેઓને એમજ લાગતું હોય છે કે-તેઓને માટે સુયોગ્ય પરિસ્થિતિ નથી. પરિસ્થિતિ પોતેજ તેને અનુકુળ બની નથી, કરવું પડતું કામ માફક સર નથી. આવાં કારણોથી તેઓ પરિસ્થિતિને ધીક્કારે છે. તેઓ માને છે કે-આ હાલતમાં પડયા રહેવાથી આર્થિક, સામાજીક, ધાર્મિક કે આધ્યાત્મિક ઉત્તમ પ્રગતિની જે આશા રાખી શકીએ એ થઇ શકતી નથી. એક વખત આવો માણસ બડબડતો સાંભળ્યો છે કે-" બીજાઓને, ફતેહ, પ્રગતિ, તકો, અને

સુખ મળેલ છે પણ મને શા માટે નહિ ? હું મારી આ સ્થિતિમાં હમણાંનું કામ અનેક વર્ષોથી કરૂં છું, છતાં જોઇએ તેટલું લાભદાયક થતું નથી, તેથી તેને હું ધિક્કારૂં છું.” અહા ! હવે જુઓ ! એના એવા પ્રલાપમાંજ એના રહસ્યની ગુપ્ત ચાવી છે. તે એજ કે-તેની પરિસ્થિતિને તે ધિક્કારે છે, અર્થાત એનો સદુપયોગ યથાર્થ રીતે કરતો નથી. આવા બડબડનારને મેં એક વખત સમજાવ્યો કે તારા હાથમાં અમુક અમુક લાભપ્રદ તકો છે, કે જેથી ખાસ લાભ, સાચું બળ, અને ઉપયોગીતા પ્રાપ્ત થાય એમ છે. અને છેવટમાં એમ પણ સમજાવ્યું કે ઉત્તમ પરિસ્થિતિને લાયક થવાથી ખામી હોવાને લીધેજ તેણે અત્યાર સુધીમાં પછાત પડી જવાની સ્થિતિ ભોગવી છે. માટે કામને નાપસંદ કરવાને બદલે અને કાર્ય સંયોગે સંયોજીત પરિસ્થિતિને બીલકુલ મનથી પણ વિરૂદ્ધ થવાને બદલે તેમજ નિત્ય જીવનના સંગીઓ પરત્વે નાપસંદગી બતાવવાને બદલે તારે પ્રથમ તો પૂર્ણ આત્મનિરીક્ષણ કરવું. અને શ્રેયસ્ માટે દરરોજ થોડું થોડું મનન-ધ્યાન -ચિંતન કરવું, અને તે દ્વારા પ્રથમ તારા મનમાં અણ-ગમતી લાગતી પરિસ્થિતિ અને કામમાં એવું કંઇ હોય

કે જેનાપર તું પ્રેમ કરી શકે-ચાહી-શકે તે શોધી કાઢ, સુભાગ્યે આ શીખામણ તેમણે માની અને કહેવા પ્રમાણે શારિરીક તેમજ માનસિક વર્તન ફેરવ્યું, આથી થોડા વખતમાંજ મહાન પરિણામ આવ્યું. ઉંઘમાંથી ઉઠતાં કોઈ અજબ ઝલક તેને લાગવા માંડી. જે કામ તેને પ્રથમ કંટાળા ભરેલું લાગતું હતું તે કામમાંજ તેને નિત્ય નવલ ઉત્સાહ અને આનંદ આવવાથી લાભપ્રદ થયું. જે મિત્ર મંડળમાં તેને અસંતોષ લાગતો તે મંડળ જાણે કોઇ જાદૂ અસરથી બદલાઇ ગયું. સહકારીયો અને મિત્રોમાં પહેલાં નહિ જણાએલી એવી સુંદર આકર્ષક ભાવનાઓ પ્રકટ થવા માંડી. સર્વોત્તમ લાભપ્રદ તકો અને કલ્યાણની સીમાઓ હસ્તગત થવા લાગી. જે કામ અને પરિસ્થિતિને તે પસંદ કરતો નહોતો તેમાંજ તેની સર્વ મહત્વાકાંક્ષા ફળીભૂત થવાનાં ખુલ્લાંદ્વાર દેખાવા લાગ્યાં અને આ પ્રમાણે મારા એ મિત્રે પોતાનું આંતર સુધારતાંજ સકળ પરિસ્થિતિ તેની ચાહના પ્રમાણેજ બની ગઇ છે. એક વખત તેણે મને કહ્યું કે-ભલા મિત્ર! હવે હું પહેલાં હતો તે રહ્યો નથી. મારી નવિન ઘટનાજ થઇ ગઇ. તમને મળ્યા પહેલાં જે પરિસ્થિતિ મને દુઃખદ, નિરાશા અને અનુત્સાહ

ભરીત દેખાતી હતી તેમાંજ હવે મને સુખ, સંતોષ, આનંદ અને સૌંદર્યનો સ્વાનુભવ થાય છે. આ ઉપરથી એતો સિદ્ધ થયુંજ કે દોષ પરિસ્થિતિનો નથી પણ પોતાના વિચારોની ખામીઓજ છે. એટલી તો ખાત્રી રાખજો કે-એક પરિસ્થિતિના અસંતોષને લીધે જો બીજીમાં પડશો તો તેમાં પણ એ અસંતોષ તો હાજરી આપવાનોજ. અનેક બંધુ બ્હેનોના સ્વાનુભવમાં પણ આવું આવેલ હશે, લેખકને તો પોતાના જીવનમાં એવા ઘણા અનુભવ થએલ છે કે -ફતેહ અને આનંદ, સુખની જે આશા રાખવામાં આવતી તે વખતે પણ તેજ ક્રિયાઓ, સંગીયો, અને પરિસ્થિતિમાં હતાંજ, પણ પોતેજ તેનાથી દુર ભાગતો ફરતો હતો. આવી રીતે આપણી અજાણમાં પણ કલ્યાણ અને આનંદ, જેની અંતઃકરણ પરમ શ્રેયસ્ તરીકે ઇચ્છા કર્યા કરે છે તે, રસ્તામાંજ સહજ રીતે આપણે તેને ખોળી લઇએ એટલીજ રાહ જોયા કરે છે. માત્ર શી રીતે ખોળી લેવાં એજ આપણે જ્ઞાત નથી-આપણે જાણતા નથી. **માટે પરમ શ્રેયસ્ હંમેશાં વર્તમાનમાંજ શોધો, જ્યાં ઉભા હો ત્યાંજ બ્રહ્માનંદ માટે ખોદો, મળશેજ. વર્તમાન ક્રિયાઓઃ-કાર્યો-પૂર્ણ ઉત્સાહ પૂર્વક શ્રદ્ધાળુ**

હૃદયે સુંદર રીતે કરો, અને એજ કાર્ય–સ્વાનંદ, સુખ અને ફતેહના ખુલ્લા દ્વાર રૂપજ થશે. જે કોઇ આત્મસંયમ કરે તેની આગળ સર્વ નમીજ જાય છે. ઉત્સાહી, તીવ્ર જીજ્ઞાસુ આત્માને દરેક ક્ષણ સર્વોત્તમ તક રૂપજ છે. ઇતિ રામ.

૭ ચિંતામણી.

અનંત કાળથી સર્વ લોકોના મનમાં ચિંતામણીની ભાવના છે. અને એ ચિંતામણી જો પ્રાપ્ત થાય તો તેના સામર્થ્યવડે ઇચ્છિત પ્રાપ્ત થાય એવી શ્રદ્ધા પણ સર્વને છે. ચિંતામણી જેમની પાસે હોય તે, ગમે તેવી હલકી ધાતુમાંથી સુવર્ણ અને પત્થરમાંથી હિરા બનાવી શકે છે. અરે! એટલુંજ નહિ પણ જાણે કોઇ જાદુઇ ચમત્કારથી બનતું હોય તેમ સર્વ જીવનક્રમ માત્ર, વિપરિત હોય તેને સર્વ રીતે સાનુકુળ, સૌંદર્યવાન અને સુખાનંદરૂપ બનાવી શકે એવી માન્યતા પણ જનસમુદાયમાં પ્રચલિત છે. અનેક લોકોએ એવા ચિંતામણીની શોધમાં જીવન વિતાવ્યાં છે. કોઇએ એક રીતે તો કોઇએ બીજી રીતે પણ એ ચિંતામણીની શોધ તો કરેલીજ હોય છે. ઘણા લોકોની એવી માન્યતા પણ હોય છે કે એવા ચિંતામણી કેટલાકો પાસે હોય છે. વિશ્વ ઇતિહાસનાં પાનાં તપાસતાં એમ પણ જણ્યું છે કે–" અરે! અહિં જુઓ! ત્યાં તપાસો! પેલાને મળો!" એવા પોકારો

અનેક સૈકાઓથી પડતા આવે છે. આવા પોકારો સાંભળી કહેવાતા કિમિયાગરોની પાછળ ઘણાઓ ભટકયા પણ છે. પરંતુ પરિણામે નિરાશા સિવાય બીજું કશુંજ પ્રાપ્ત થયું નથી. અનેકો આવા ચિંતામણી માટે ધૂતાયા છે. અને છેવટે ખાત્રી થઇ છે કે–એ માત્ર ગપાટાજ છે અને તેથી એ વિષે માથાકૂટ કરવામાં કંઇ માલ નથી. કોઇ મૂર્ખાઓની ગાંડાઓની માત્ર કાલ્પનિક વાતોજ છે એમ ચોક્કસપણે જણાયા પછી ઘણાઓએ એ ચિંતામણીની નકામી શોધોમાં રઝળવાનું માંડી વાળેલ છે. અને એવા નિશ્ચય ઉપર આવેલા છે કે–"**ત્રિકાળમાં પણ ચિંતામણી જેવી કોઇ વસ્તુ છે જ નહિ, હતી નહિ અને હશે પણ નહિ.**" હવે જુઓ કે ચિંતામણી માટે શોધો થઇ છે, થાય છે અને થશેજ પણ શોધનારા એમજ માને છે કે–ચિંતામણી એ હિરા જેવી કોઇ જડવસ્તુ હોવી જોઇએ. કે જેને હાથની મૂઠીમાં રાખીનેજ ફરી શકાય. પણ એ બધી તેઓની ભૂલભરેલી સમજણો છે. કેટલાંક બાહ્યશકિતઓ અને પ્રદેશમાંજ એ વસ્તુ માટે ભટકયા કરે છે અને તેમાંજ જીવની લગની લગાડી રાખે છે. એ પણ ભ્રમણાજ છે. એવા લોકો જ્યારે શોધવા

નીકળે **છે** ત્યારે ચિંતામણી દેનારા તેઓની જરૂરીઆત પુરી પાડનારા–ઢોંગીઓ તેમને મળીજ આવે છે. આથી એવા ઘણુંએક ધુતારાઓ ચિંતામણીવાળાઓનો વેષ ભજવે છે. પણ એ બધી વાતો આકાશ કુસુમ જેવી છે. **તેઓ તો ભુખને અર્થે ભટકતાં ભૂંડડાંજ જાણવાં.** અનેક કિમિયાગરો, ઉંટવૈદો, જાદુગરો એવી બડાશ મારતા બખાળે છે, પણ વૃથાજ. આમ છતાં પણ આશ્ચર્યની વાત એજ છે કે-એવા શોધકો એટલો પણ વિચાર કરતા નથી કે જો ભાઇસાહેબ પાસે ચિંતામણી હોય તો તેને આપણા દ્રવ્ય સાટે વહેંચવાની શી દરકાર હોય? પરંતુ ચિંતામણીને માટે વલખાં મારતા એવાઓને એ વિચાર આવતાજ નથી. અને આંખે પાટા બાંધી, અંધ બની બિચારા અટવાયા કરે છે. "**જોગી, ભોગી, વૈદ, રોગી શુરા પૂંઠે ધાવ, ભીખ કિમિયાગર માગે ત્રણે જુદા દાવ.**" એ વિચાર તો અંધને આવતોજ નથી અને કિમિયો કરાવવા ઝટ ધન આપી દે છે. હા! ખરેખર! આવા ચિંતામણી શોધકો સાચા ઉત્સાહી અને મુક્તદ્વાર શોધવાવાળા તો છે. પરંતુ ખામી એજ છે કે સૂર્યની તપાસ સવારમાં ઉઠીને પશ્ચિમ તરફ કરે છે, જોડાની તપાસ શબ્દ કોષમાં કરે

જેમ દંતકથાઓમાં અમુક મેલડી. ખાપરો કે મામો, ખુશ થઇને તેના સાધકને અમુક સામર્થ્ય દઇ દીધાની વાતો ચાલે છે. પુરાણુ ગાથાઓમાં તપાદિના પરિણામે દેવતાઓએ વરદાન આપ્યાનાં દ્રષ્ટાંતોનાં પણ ઉંડા રહસ્યો તો બહુજ થોડા સમજે છે. અમુક સામર્થ્યો, દ્રવ્યાદિના વ્યય વડે ખરીદતાં કેટલા અને કેવા હેરાનગતિને પામ્યા છે? રાવણ, હિરણ્યકશ્યપ આદિની હાલતો પણ લક્ષમાં લેવા જેવી છે. આવી જાતની અનેક વિટંબણાઓના વિચાર વિના કાલ્પનિક તત્વજ્ઞાનાભિમાનિઓ અનેક હ્રદયભંગ અને નિરાશાના પ્રસંગો જોવા છતાંય આશા રાખતાજ આવે છે કે માટીમાંથી મણિ બનાવનાર ચિંતામણી ભ્રમને સત્ય કરનાર ચિંતામણી સત્યજ છે. પણ ફરક માત્ર એટલોજ કે એની સત્યતાના સ્વાનુભવ અર્થે સાચી દિશામાં સત્ય વિધિએ શોધ કરવી જોઇએ. અને એ દિશા તે એજ કે—આપણો અંતરાત્મા. કારણ કે આંતરીક ઉંડાણમાં ઉતરી સુવિધિપુર્વક શોધનારને તે ચિંતામણી નક્કી મળે જ છે. **"આત્મા એ પોતેજ અનંત ચિંતામણી રૂપ નિધિ છે."**

આંતરિક વિચાર શકિત સબંધે ઘણું ઘણું લખાયેલ કહેવાએલ છે પણ પૂર્ણ તો કદિ કહેવાઇ શકાતુજ નથી,

અને આ મહાન વિષય પરત્વે પૂર્ણ સત્તા અને પ્રાબલ્યતાથી પુરેપુરૂ કદી પણ લખી કે બોલી શકાય એમ નથી. આપણે જ્યારે સમજીએ કે આત્મબળમાં **हस्तिपदे सर्वे पदा निमग्न** ન્યાયે સર્વસ્વ સમાએલું છે જેને અજાણ જાણતાજ નથી. "**अस प्रभु हृदयअछत अविकारी, सकळ जीव जग दिन दुःखारी.**" તેમજ ચિંતામણી મુઠીમાં હોવા છતાં પણ, અમુલ્ય રત્ન પોતા પાસે છે, તેની અજ્ઞાનતાથી, અનંત કષ્ટો વડે રીબાય છે. માટે વારંવાર સવિનય પ્રાર્થના કરવામાં આવે છે કે ખોટે સ્થળે ખોટી રીતે નકામી શોધ બંધ કરો. વિકારી બાહ્ય પદાર્થોમાંથી કે વિશ્વમાંથી તે નહિ મળે. કૃપા કરી એટલું લક્ષમાં રાખો કે-જે તમે શોધો છો તે તમારો મણિ તો માત્ર કંઠમણિ ન્યાયે વિસરાઇ ગયેલ છે. પણ વાસ્તવિક તો તે તમારી પોતાની પાસે જ છે. તમારો પોતાનોજ છે. અરે! "**તમારા પોતાના આત્મા રૂપેજ ઝળકી રહ્યો છે.**" શા માટે વ્યર્થ ફાંફાં મારી અથડાઇ--કુટાઇ-મરો છો? **એ ચિંતામણીને શોધવા માટે માત્ર ચિંતન-વિચાર-મનન-ધ્યાન-બળનીજ જરૂર છે. અંતઃકરણમાં સવિધિ ધ્યાન કરનારને એ તદ્દન સુલભ્ય છે.**

આટલું તો અવશ્ય સમજાયુંજ હશે કે–આપણે વર્તમાનમાં જેવા, અને જે જે દેશ, કાળ, વસ્તુ, સ્થિતિમાં છીયે એવા, તે દેશ, કાળ, વસ્તું અને સ્થિતિમાં, આપણા પોતાના વિચારથીજ આવ્યા છીયે. અને આપણાજ વિચારોથી તેવા રૂપમાં ત્યાં ટકી રહ્યા છીયે. અર્થાત્ પૂર્વે કરેલા વિચારો અને હાલ કરીયે છીયે તે વિચારોનુંજ એ ફળ છે.

આટલી વસ્તુનો જો સુદૃઢપણે સમજણ-શ્રદ્ધા પૂર્વક નિશ્ચય થઇ જાય તો સહેલાઇથી, ચિંતામણી શોધવાના સુપથ પર ચઢી શકાય. **વિચાર એજ મહાન ઉત્પાદક શક્તિ છે.** જુઓ તો ખરા, હરિએ સંકલ્પ કર્યો કે—"**एकोहं बहु स्याम्**" કે તત્કાળ અનંતરૂપે બ્રહ્માંડોની ઉત્પત્તિ થઇ. માટે જો મૂળ રૂપે સંકલ્પ છેજ તો પછી શાખાઓમાં પણ એજ સંકલ્પ-વિચારનું વ્યાપકત્વ વગર કહેજ સમજવું જોઇએ. દરેક વસ્તુ અને શબ્દના મૂળ રૂપે તો વિચારજ રહેલો છે. આપણી આસપાસ દસ્યમાન થતી સર્વ વસ્તુઓનો પ્રથમ જન્મ તો વિચાર રૂપેજ થયેલો છે. જેવી રીતે એક વિશાળ મહેલ ઉભો છે. પરંતુ તે મહેલ પ્રથમ તો તેના બનાવનારા શિલ્પશાસ્ત્રીના હૃદયમાં વિચાર રૂપેજ ઉદ્ભવેલો હોય છે. બગીચાની સુંદર રચના એ

માળીના વિચારનું જ પરિણામ છે, આપણે પોતે જો આપણી અતિ નિકટની બાબત તપાસીએ તો આપણે પહેરેલાં કપડાં, આપણા ઘરનો સઘળો સરંજામ એ બધું આપણાજ માનસિક વિચારોનું-અને ત્યાર બાદ તે તે વસ્તુ બનાવનારના વિચારનુંજ પરિણામ છે. હરેક વસ્તુ પ્રથમ માનસિક વિચારમાંજ ખડી થાય છે, પ્રથમ વિચારમાંજ જન્મ પામે છે અને પછીજ ચર્મચક્ષુને દર્શન દે છે.

મિત્ર! તમે હવે આટલું તો સહેલાઇથી સ્વીકારી શકશોજ કે—આપણે, આપણા માનસિક વિચારોનાજ પરિણામ રૂપે છીએ પણ હવે જીવનની પરિસ્થિતિ, ભય, મુશ્કેલીઓ, દારિદ્રતા, સાનંદતા, અને સઘળાં દુઃખદ પરિણામો રૂપી ભુતાવળનું શું કરવું? બન્ધો! એ બધું પણ આપણાજ વિચારો વડે આવી મળેલ છે. મનની સ્વાભાવિક ટેવ રૂપ થએલ વિચારો વડેજ એ સઘળું પેદા થયું છે. જાણતાં કે અજાણતાં પણ વિચાર કરતાં કરતાં આપણા જીવનનું અસ્તિત્વ ટકી રહે છે. દષ્ટાંત તરીકે જોઇએ તો આપણે ઘણાએક એવા લોકોને જાણતા હઇશું કે જેઓ નિરંતર ભયપ્રદ વિચારોમાં પડયા રહેવાથી અંતે

માંદા, દુ:ખી અને નિરૂપયોગી થઇ પડયા હોય છે. અનેક જાતના શકુનો, દોરાધાગા, "આમ થવાથી અવળું થશે તો?" "આ પીવાથી ભુંડું થશે તો?" ઇત્યાદિ સર્વ મન:કલ્પનાઓ ભયપ્રદજ છે. દરેક કાર્ય શકિત વિચારોથી કરવામાં આવે છે. અને તેનું પરિણામ અંતે એ આવે છે કે—શરીર, મન, આદી સર્વ નિરૂપયોગી, અને દુ:ખના મહાન ઢગલા રૂપ બની જાય છે. જે ભય અંતરમાં ઉત્પન્ન થાય તેજ ભય પ્રત્યક્ષ રાક્ષસ રૂપે પતિત થાય છે. અને આવી રીતે આખી જીંદગી ભયને આધીન રહેવામાંજ ગાળવાથી તેઓનું જીવન તદન અજ્ઞાનમય અંધકારવાળું બની રહે છે. પરંતુ એ લોકો જરા અન્ય રીતે પોતાનો જીવનક્રમ ચલાવે, જરા બીજી રીતેજ માનસિક વિચારો કરતા રહે, અરે! અભયતામાંજ વિચરે તો એજ જીવન કેવા જુદાજ પ્રકારે પ્રકટી નીકળે? લોકો દારિદ્રતા ને દુ:ખનાજ વિચારો કરે છે. એને અનુસરતાં કામ પણ કરે છે, અને આખરે પરિણામ એ આવે છે કે—તેમની આસપાસ, ઘરમાં, ગોદમાં અને મનમાં દુ:ખ દારિદ્રતાજ પોતાનો મુકામ જમાવે છે. આમ ત્રેલ મીજમાનો પેઠે દુ:ખ અને દારિદ્રતાજ તે મૂર્ખાઓને ખરચે મોજ

ઉડાવે છે. કેટલાક લોકો બિમારીનાજ વિચારો અને વાતો કરે છે. દર્દ, દર્દના ચિન્હો અને નાડીની ગતિનીજ કલ્પનાઓમાં ગુંચવાઇ જાય છે અને અંતે આવી રીતે કોઇ મહાન રોગને આમંત્રણ થવાથી મિજમાન તરીકે એ રોગ હાજર થઇ જાય છે. જ્યારે રોગના ભયંકર પંઝામાં ફસાય ત્યારે બિચારા જેની તેની પાસેથી તે રોગમાથી ઉદ્ધાર કરવા યાચના કરતાં મદદ માગ્યાજ કરે છે. અને પોતાની જાતને તો માત્ર દર્દના ભોગ રૂપેજ પસંદ કરાયલી માની પીડાતાં જાય છે. અલબત્ત ! તેઓ પર આપણે જરૂર સહાનુભુતિ દયા દર્શાવવીજ જોઇએ. કારણુ કે આ એક એવી માનસિક શારિરીક અવસ્થા છે કે જેમા દયા, અનુકંપા, આશ્વાસન અને સારવારની અતિ અગત્યતા છે પણ અરે ! રામ રૂડું કરે અને એવો દિવસ વહેલો આવે કે જ્યારે હું જનસમુહને ઉપર્યુક્ત ઘોર નિંદ્રામાંથી જાગૃત કરી શકું ! અને સદ્‌વિચારને માર્ગે રવાના કરી શકું ! તેઓનાં જ્ઞાતિબંધનો રીતરિવાજો ટેવો અંધશ્રદ્ધાઓ, ભુલભરેલી માન્યતાઓ, વ્હેમો અને અગાઉથી બાંધી મૂકેલા ટેમના ગમેતેવા માની લીધેલા અવળ સવળ વિચારો સહીત તેમનાં અંતઃકરણો કે જેને તેઓ વળગી રહ્યા છે તે સર્વને આરપાર વિંધી-

નાખી શકાય એવી કોઇ શ્રેષ્ટ અણી પાણીદાર બરછી કે ભાલા રૂપ–શબ્દરૂપી–કલમ કે હથીયાર પ્રભુ શિઘ્ર મારા હાથમાં આપો કે જેથી તેઓનાં હૃદયદ્વાર–માનસિક મંદિર ઉઘડે અને તેઓ જોઇ શકે કે-"**વિચાર એજ મહાન ઉત્પાદક શક્તિ-ચિંતામણી છે". જે આબાલવૃદ્ધ સર્વને સમાનપણે રામે પરમ રીઝથી અર્પેલ છે.** અને સર્વને છુટથી પોતપોતાની ઇચ્છાનુરૂપ પરિણામ લાવવામાં–ઝેર કે અમૃત પીવામાં, સ્વર્ગ કે નર્કમાં જવામાં સ્વતંત્રતાથી ઉપયોગ કરવા માટે પરમ કૃપાળુ પ્રભુએ સમાન હક્ક આપેલ છે. દરેકના વિચારો તેની પોતાનીજ મિલ્કત છે. અને તેના પરિણામો પણ તેનાં પોતાનાંજ છે. એટલે પોતેજ ભોગવવાનાં છે જેને બીજો કોઇ ટાળી ખસેડી કે નસાડી શકતોજ નથી.

પ્રિય પાઠકગણુ! તું ગમે તે હો, ગમે તે દેશકાળ કે વસ્તુસ્થિતિમાં મુકાયેલો હો, છતાં પણ એ મહાન ચિંતામણી તારી પાસે, તારા આત્મ સ્વરૂપે સદૈવ હાજર છે. અને તેને પ્રાપ્ત કરવા તું આજેજ–આ પળેજ–પ્રયત્ન કરી શકે એમ છે. ઉઠ! **કટિબદ્ધ થા! તારા દેશ, કાળ, વસ્તુ, સ્થિતિમાં કે તન, મન, ધનમાં કે!**

જીવનમાં જ્યાં જ્યાં જે કાંઈ દુઃખદ, અધોગતિકારક હોય, જે કાંઈ અસત્યતા હોય, તેનું ઝટ નિવારણ કરવા મંડી જા! આમ કરીશ તો, ધીમે ધીમે પણ ચોક્કસપણે ને ખાત્રી પૂર્વક, તારા જીવનસહ સકળ અધમ ધાતુઓ, નિર્મળ કનક-ત્રારે! ચિંતામણી રૂપજ સ્વાનુભવી શકીશ માત્ર એટલો ખ્યાલ રાખજે કે "**ઉતાવળે આંબા પાકતા નથી.**" ઝાડ વાવીને તુર્તજ ફળ લેવાની આશામાં અટવાઇશ નહિ. તમામ દુઃખ, અજ્ઞાનતા, પરિમિતતા, જે સર્વ દિશામાં જણાતાં હોય તેમાંથી છુટી જવા-તત્કાળ મૂક્ત થવાની ઘેલી આશામાં ગોથાં ન ખાતો! **હળદરના ગાંઠિયાથીજ માત્ર ગાંધી નથી બની જવાતું:**

જે જીવન અત્યારે પૂર્ણ શાંત સુખી ને આનંદી નથી તેને મૂળ સ્થિતિ ઉપર લાવવામાં કમમાં કમ કેટલો કાળ ધારવો? એ ધારવું એજ ધતિંગ છે. કેટલાએક બાર વર્ષની મુદત આપે છે. પણ બાપુ! એવી મુદતબંધી તારે શા માટે જોઇએ? જરા વિચાર તો ખરો કે-અનંત અનાદિકાળની કુટેવોથી થએલો બીગાડ કાંઇ આ પળેજ ટાળી દેવાય છે? **ધીમે ધીમે પ્રયત્ન કરવા માંડ વિજય તારી સામે દોડતો આવે છે. "વહેલું તે પહેલું."**

ઘણી વખત એવું બને છે કે પ્રયત્ન કરવા છતાં પણ બહિર દ્રષ્ટિએ દેખાઇ આવે એવી ખાસ સુધારણા જોવામાં આવતી નથી અને તેથી અનેક આશા રાખનારાઓને આંચકા, નિરાશા, ઉછાળાઓ આવી જાય છે. અને તેથી પાયમાલીમાં પડી જવાય છે. પણ એ વખતે પૂર્ણ ખાત્રીથી સમજવું જોઇએ કે "કાર્ય શરૂ છે અને **વહેલા કે મોડા પણ અનંત મુશ્કેલ મૈનાક ટળીજ પડવાના છે." હરકતો નિવૃત થવાની છે,** અને અંતરાત્મામાં વિચાર–મનન–ધ્યાન–ચિંતનદ્વારા ઉત્પન્ન થતી મહાન શકિત સામે એવાં કોઇપણ આસુરી તત્વો ટકી શકે એમ છેજ નહિ.

"**એટલાજ માટે આશારૂપી સકામપણાથી નહિ પણ નિષ્કામ ભાવેજ પ્રયત્નો કરવા.** જે મહત્વાકાંક્ષા માટે ચિંતવન કરાય છે તે તેના ચિંતકને અવશ્યમેવ પ્રાપ્ત થવીજ જોઇએ. માટે આંતરિક વિચાર કરતાં ઝટ ફળ લઇ લેવા માટે કાળની હદ બાંધી બેસવુંજ નહિ.

અત્યારે જે જે ચિંતન–ધ્યાન થાય છે તે માત્ર આ શરીર રૂપ ટુંક સડેલ જીવન માટેજ નથી પરંતુ અનંત આત્મિય જીવનના આનંદ અર્થેજ સમજવાનું છે. અર્થાત

"બ્રહ્માત્મૈક્યાનંદમાંજ એની સામી લ્હાણ માણ-વાની છે." ભાવી લણવા માટે વર્તમાનમાં બી વાવવાનું, ખાતર, પાણીથી બરાબર સંભાળ રાખવાનું કાર્ય કર્યાજ કરવું.

હરિગીત

કદિ કોઇ પૂછે કે "અરે! તું આમ કેમ હસે રૂવે!"
તેને કહો "હું રોઉં છું તું માત્ર હા! "આજજ" જુવે"
વળી હસન કારણ એક હો કે–"મિત્ર! મમ કર ખ્યાલ તું
મણિરામ આત્મિય ચક્ષુથી દેખું મણિમય 'કાલ" હું"

અહા! એ સ્વાનંદી! સ્વાત્મ-રમણ સ્વરૂપ સ્થિતિ! સૌન્દર્યનિધાનનું સાનિધ્ય-સ્વાધિનતા! બ્રહ્મ ભાવાત્મક, સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વાનુભવે સાક્ષાત્કાર થએલ પરમ શ્રેયસ્ પરમ કલ્યાણની પ્રાપ્તિ સ્વરૂપ ચિંતામણીની અચળ જ્યોતિમાં નિમગ્ન હો! નિમગ્ન હો! ઇતિ રામ.

સાફલ્યતામાં સાવચેતી

જ્યારે અજ્ઞાત પણ જ્ઞાન વડે સુજ્ઞાત થાય, એ
ઇશ્વરી શક્તિઓ અર્થાત શાંતિ-આનંદ-એકયતાના પર
જીજ્ઞાસુ શોધકને વિચારશક્તિની સત્યતા એટલે મન
ઉત્પાદક શક્તિનું પહેલુંજ જ્ઞાન થાય છે ત્યારે ચોક્ક
જાતની મુશ્કેલીઓ આવી પડે છે. એ મુશ્કેલીઓ એ
જાતની છે કે-દરેક સાધકે તેને જાણવી જોઇએ અ
સુદ્રઢ હિમતથી તેની સામે થવું જોઇએ. જો સમજ
પૂર્વક એ મુશ્કેલીઓનો પ્રતિકાર કરવામાં ન આવે ત
આનંદ, ક્લેશ, સુખ, દુઃખ, કલ્યાણ, અકલ્યાણ, અ
શ્રેયસ શાપ રૂપ બની જાય છે. અંતરાત્મામાં જે
સર્વોત્તમ શક્તિઓ રહેલી છે તેનો સદુપયોગ કેમ કરવે
તે જો જાણવામાં ન આવે તો, અગર તો જાણવા છત
પણ સદુપયોગ ન થાય તો, અર્થાત એ શક્તિઓને

જાણતાં કે અજાણતાં પણ ઐહિક પારલૌકિક કોઇ પણ સ્વાર્થી ઇચ્છાઓ તૃપ્ત કરવા અર્થે દુરૂપયોગ કરવામાં આવે તો તેજ મહાન શકિતઓ ભયંકર વિનાશકારી પરિણામ લાવનારી થાય છે. એટલાજ માટે **"પ્રભુએ આપેલી આત્માની મહાન શક્તિઓ–કે જે સર્વને સ્વાભાવિકતાથીજ અર્પણ કરવામાં આવેલ છે. તેનું જ્ઞાન સામાન્ય માનવ દ્રષ્ટિથી ગુપ્ત રાખવામાં આવ્યું છે. જગતના મહાન ધર્મગુરૂઓ–ઉપદેશકો–અને પ્રભુના અવતારોએ પણ એ જ્ઞાન પૂર્ણ નહિ પણ જનસમૂહ જેટલું જાળવી શકે તેટલુંજ આપેલ છે.**

સામાન્ય જનસમૂહને ઉપદેશ દેતાં એવા મહા પુરૂષોએ એ પરમ સત્યનો કંઇક અંશ દ્રષ્ટાંત રૂપમાં સમજાવેલ છે. અને જ્યારે અત્યંત અંગત સંગીઓને, ખાસ કહેવામાં આવે ત્યારેજ માત્ર સર્વ ભેદ ખુલ્લો કરતાં કહેલ છે કે–" હે પ્રિયત્તમો ! આ રહસ્યો માત્ર **તમારી પાસેજ ઉઘાડાં કરવામાં આવે છે, કારણ કે –તમે મારા આત્મસ્વરૂપ છો જેથી અત્યંત પ્રિય**

છો. અને એટલા માટેજ આ સ્વાનંદામૃત તત્વ તમારા હૃદયોમાં રેડું છું. પરંતુ જેઓ સાંભળવા છતાં સમજતા નથી અને ઉઘાડી આંખે દેખતા છતાં અંધની પેઠે જોઇ શકતા નથી તેઓને આ ગુપ્ત રહસ્ય ભંડારની ચાવીઓ આપવામાં આવતી નથી."

આ શકિતઓના પ્રકાશથી જ્યારે બ્રહ્મ સાક્ષાત્કાર થાય અને "**वरंब्रूहि**" ધ્વનિ સંભળાય ત્યારે પરમ શ્રેયસ સાધક, વિશિષ્ટ જીજ્ઞાસુ, વિજ્ઞાની ભકત, સુગ્રીવ, વિભીષણ, સુતીક્ષણ, હનુમાન અને ભરતાદિની પેઠે સામાન્ય જનસમૂહ "લોક, શાસ્ત્ર, અને જીવિત્વની એષણા રહિત, હે પ્રભો! આપના સ્વરૂપનું શ્રેષ્ટ વિજ્ઞાન, પરમભકિત અને બ્રહ્મત પ્રેમમય સેવા આપો" એમ કહી શકવા સમજણ કે શકિતવાન હોઇ શકેજ નહિ.

એટલું તો નિઃસંશય છે કે એ તો ત્રિકાળાબાધિત સુદ્રઢ નિશ્ચયજ છે કે-સર્વ પ્રાણી માત્રને સમસ્તરૂપે નિરંતર પ્રાપ્ત એવું મનનું ઉત્પાદક બળ અને અખંડ

આત્મશક્તિના પ્રભાવે તેનો દરેક સાધક–ઉપાસક–પોતાનુ જીવન, પોતાનીજ ઇચ્છા, મહત્વાકાંક્ષા અનુરૂપ બનાવી શકેજ છે. અજ્ઞાત રીતે પણ નિરંતર એમ બનતુંજ જાય છે.

વળી જો કે એ ખરૂં છે કે આપણા સાધનો આપણી પરિસ્થિતિઓ, આપણા સંગો, અને આસપાસના આપણા રોજના અનુભવો એવા હોય છે કે જો આપણાથી બની શકે તો ખુશીથી આપણે તેઓને બીજા રૂપમાં ફેરવી નાખીયે પરંતુ એમ થવાથી કાર્ય કારણ ભાવનો કાંટો તુટી પડે છે, મહાન્ ઇશ્વરી નિયમનો ભંગ થાય છે. અને એમ કરવું તદ્દન અશક્ય છે. એ આપણે શીખવાનું છે કારણ કે એ વિશ્વ નિયમના પાલનથી એ કાંટાનું સમતોલપણું થાય છે અને તેથીજ મનની ઉત્પાદક શક્તિનું અને આત્મ શક્તિના સત્ય અનુભવનું આપણે વિજ્ઞાન પામીયે છીયે.

"ઇશ્વરી શક્તિનો ઇન્કાર કરનારાઓ, નિયમ ભંગ કરનારાઓ, ધક્કો મારી ધક્કો ખાય છે અને જ્ઞાનપુર્વક અનુસરનારાઓ શાંત્યાનંદનું પરમ રહસ્ય પ્રાપ્ત કરે છે. જો કે ધર્મ તમાચો મારતાં

વિલંબ લગાડે છે. પરંતુ "ધર્મો રક્ષતિ રક્ષક:" અને "ધર્મો ભક્ષતિ ભક્ષક:" એ નિર્વિવાદ સત્ય છે. કારણકે પાલકને સર્વદર્શિતા સર્વ શકિતમયતાદિ બક્ષીસો મળે છે જ્યારે વિઘાતકને અજ્ઞતા, અલ્પશકિત આદિ શીક્ષાઓજ થાય છે. એ નિયમ–એ વિશ્વાત્મક સત્તા સમ છે, તેનું ત્રાજવું નિયમિત છે. તેને પ્રિય અપ્રિય કોઇ નથી. સાચી સમજણ પૂર્વક સેવનાર–સાધન કરનારનેજ શ્રેયસ્ પ્રાપ્ત થાય છે.

સંકલ્પજ કાર્યનો ઉત્પાદક પિતા છે, અને તેથીજ આપણું વર્તમાન જીવન પૂર્વના સંકલ્પોથીજ થએલ ક્રિયાઓનુંજ ફળ છે. પ્રારબ્ધ છે.

એની રચનામાં આપણે અજ્ઞાનતા પુર્વક વિચાર કરેલા હોવા જોઇએ એ ખરૂં છે અને સંકલ્પબળનું સામર્થ્ય આપણા જાણવામાં એ વખતે નહિજ હોય. તેમજ અયોગ્ય રીતે વિચારણાનાં પરિણામો જો કે આપણે નહિ જાણતા હોઇએ તોપણ એવું અજાણપણું કે અજ્ઞાન હોવાથી વિશ્વ નિયમ કંઇ બદલાતો નથી. કુદરતના કાયદામાં એથી કાંઇ ફેર પડતો નથી. ગુરૂત્વાકર્ષણના નિયમને તેમજ નહિ સમજનારને

તેના આંચકા તો લાગે છેજ. જાણે અજાણે ઝેર ખાનાર મરેજ. વવાય તેવું લણાયજ. જેવા સંકલ્પો કરીએ તેવા થઇએ. ભુતકાળમાં વાવેલું ભવિષ્ય કાળમાં લણાય છે, લણાયા પછી વવાય છે અને વવાયા પછી લણાય છે. ભલાનું પરિણામ ભલું અને બુરાનું બુરૂં. વિશ્વ નિયમ પ્રમાણે વિચારાનુસાર ક્રિયાઓ થતાં તે વિચારણાની યોગ્યતા કે અયોગ્યતા પ્રમાણે નવિન જીવનનું સ્ફુરણ થાય છે. જેમાં પૂર્વ વિચાર અને ક્રિયાઓનાં બીજકો સમાયેલાં હોય છે, હવે જુઓ કે તમામ ઉપદેશકોએ એજ મહાન સત્ય શિખવેલું છે કે-સંકલ્પજ માનવ જીવનનું પ્રકટીકરણ કરનાર છે. હવે આશ્ચર્યમાં આવતુંજ નથી. સામાન્ય પુંજા વિગેરે ક્રમમાં અને કર્મઠતામાં તો આ પરમ સત્યનું લગભગ વિસ્મરણ થાય છે. અને "શિવજી કહેતા હવા" "હરેહરે" એવા શ્રોતા વકતાઓમાં આ મહાન સત્યનું ભાગ્યેજ સ્ફોટન થાય છે.

છતાં પણ આ પરમ શ્રેયસ્ સત્યનું બીજક એવું તો સાચું ઉત્પાદક છે કે-કોઇપણ કાળમાં, કોઇપણ દેશમાં એના નવિન નવિન કાંટા ફુટયા વિના રહેતાજ નથી. એવા ઉગમણ કાળે એ કાંટા જો કે નવિન નવિન નામો

ધારણ કરે છે છતાં પણ વાસ્તવિક રીતે તો તે પુરાતન સત્ય જ છે. નવીન રૂપમાં જુનું છે. "છતાં જુનું નવું એવું જગાડયું મેં શું આ આજે." પાંચ હજાર વર્ષ પહેલાં કૃષ્ણે, અઢી હજાર વર્ષ પહેલાં બુદ્ધે, શંકરે રામે, કાઇષ્ટે, મહમદે, એજ પરમ શ્રેયસ સદ્‌વિચાર રૂપ ચિંતામણીનો બોધ ખુલ્લા શબ્દોમાં આપેલો છે. "ध्यायतो विषयान् पुंसः" અને "संकल्पान् प्रभवान् कामान्" નું રહસ્ય પણ એજ છે કે–"यादृशी भावना यस्य सिद्धिर्भवती तादृशी" બુદ્ધદેવે પણ કહ્યું છે કે–"આપણને માનસિક વિચારોએ બનાવેલા છે. જેવું આપણે ચિંતન કર્યું તેવા આપણે થયા છીએ." "બળદની પાછળ હાલનાર ગાડીની પેઠે દુષ્ટ વિચારોની પાછળ દુઃખ ચાલ્યું આવે છે. અને જો કોઇ સદ્ વિચારણા દ્વારા વિચારની પવિત્રતા રૂપ તપ કરે તો શરીરની સાથેજ ચાલનાર પડછાયાની પેઠે આનંદ તેને મળે છે." કાઇષ્ટ કહે છે કે–"બીજાઓ તરફથી તમે જેવી આશા રાખો તેવાજ વિચાર

અને આચાર બીજાઓ પ્રત્યે કરો કારણ કે એજ પરમ સુખનો મહાન ઈશ્વરી નિયમ છે. આપો તેવું મળે, ધ્વનિ પ્રમાણે પ્રતિધ્વનિ." હઝરત મહમદ સાહેબ કહે છે કે-" અભિમાની દુષ્ટ ન થાઓ દુષ્ટતાના વિચાર એજ મૃત્યુ છે, પવિત્રતાના વિચાર એજ જીવન છે. જ્યાં જ્યાં સત્ય, પ્રમાણિકતા, ન્યાય, પવિત્રતા, પ્રેમ, ભલાઇ હોય ત્યાં ત્યાંથી ગૃહણ કરો, સાંભળો, વિચાર કરો."

ઉપર્યુક્ત મહાપુરૂષોના શબ્દોની ગર્જના આપણને એજ સંભળાવે છે કે-" આત્મશક્તિજ મહાન છે." અને " આત્મ ચિંતનજ ચારિત્ર્ય ઘટનામા મહાન કારણ રૂપ છે." વિચારાનુસારજ પરિણામ થાય છે. વળી દૂરથી પણ ખુલ્લી રીતે અનેક સત્પુરૂષોના સદુપદેશ સંભળાય છે કે-" વિચાર પક્ષનું ક્રિયા એ ફુલ અને પરિણામ એ ફળ છે."

શ્રીમદ્ ભાગવત્ અને તુલસીદાસ કૃત રામાયણમાં

એવી રીતે સંસારનું વૃક્ષ રૂપ વર્ણન કરી સુખદુઃખ રૂપ ફળો બતાવ્યાં છે. આ પ્રમાણે મનુષ્ય પોતે પોતાનાજ કરેલ વિચાર રૂપ ખેતીનો સારાસાર વિચાર પ્રમાણેજ પાક લઇ શકે છે. માનવ કાંઇ યાંત્રિક જીવન રૂપ નથી, અચળ આત્મિય નિયમનાજ પરિણામ રૂપ છે. અને કાર્ય કારણની પરંપરા, દશ્ય વિશ્વમાં, એથીજ દર્શન દે છે. "પોતાનું ભલું કે ભુડું કરવું તે માનવના પોતાના હાથમાંજ છે. વિચાર શસ્ત્ર શાળામાં જો અસદ્ વિચાર રૂપ હથીયારો બનાવે તો પોતે પોતાનોજ નાશ કરે છે. અને જો સંરક્ષક સદ્ વિચાર રૂપ હથિયાર બનાવે તો આત્માનંદ ગઢની રચના કરી, જાળવી, સ્વાનુભવે માણે છે. શાંત્માનંદ અનુભવે છે."

આત્માનંદ રૂપી પરમ સત્યનું ચુડામણિ સ્વત્ર વર્તમાન કાળમાં પ્રકાશ થવાની ખાસ અગત્યતા છે, અને તે એજ કે "મનુષ્ય મન-સંકલ્પોનો ગુલામ નહિ પણ સ્વામી છે, ચારિત્ર્યનો ઘડનાર છે, વર્તનોનો રચનાર છે અને પરિસ્થિતિ તેમ સંગીઓનો સૃજનાર છે."

ત્યારે હવે જુઓ કે આ મહાન સત્ય-આત્મશકિતનો સદુપયોગ કેમ કરવો તે સંપૂર્ણતાથી સમજવાની કેટલી બધી અગત્યતા છે ? જો સ્વાર્થ પરાયણતામાં તેનો ગેર-ઉપયોગ થઇ જાય તો ભયંકર દુઃખના ભોકતા થવાય છે. એ શકિતનો ઉપયોગ કરતાં પરિણામે અકલ્યાણ નહિ પણ કલ્યાણજ મળે, એવી " **મહત્વાકાંક્ષા નિષ્કામ અને નિઃસ્વાર્થ હૃદય ભાવથી રાખવી જોઇએ."** પહેલું તો આપણે એ યાદ રાખવાનું કે-" **નિષ્કિંચન આનંદ, બ્રહ્માનંદ પ્રાપ્તિ એજ શ્રેયષ્કર છે."** અને તેથી અન્ય ઇચ્છા રાખવી એ દુઃખદ છે. આપણા જીવન ક્રમમાં આવતાં સુખદુઃખાદિ જે આપણા પૂર્વ વિચાર અને ક્રિયાના ફળ રૂપ છે. " **તે અચળાનંદથી ભોગવી લેવા સંપુર્ણ રીતે કટિબદ્ધ થવું."** પરંતુ આવી રીતે જ્યારે પૂર્વ પ્રારબ્ધ રૂપ ફળો ભોગવીએ ત્યારે આપણે કાંઇક બીજું પણ કરવાનું છે. જુનાં કરજો ચૂકવીએ ત્યારે કંઇક નવીન રળવાનું પણ છેઃ તે એજ કે પ્રાપ્તિ રૂપ સદ્ વિચારદ્વારા આત્મ વિચારણારૂપ શકિતને એ વાતો સામર્થ્યથી ગતિમાન કરવી કે જેથી ઉત્તમોત્તમ બીજકો

વવાય અને " પરિણામમાં સચ્ચિદાનંદ સ્વાનુંભવાય. "

દુઃખ જે પૂર્વકાળના વિચાર અને ક્રિયાના પરિણામ રૂપ છે તેના કાંટા અલબત ! આ જીવનમાં લાગવાનાજ; અને તે લાગવા જોઇએજ. પરંતુ દયા, દાન, દીનતા, અદંભ, પરોપકાર, વિશ્વપ્રેમ આદિનાં બીજકો, એવી તો મજબુત આત્મભૂમિકામાં ઉંડીને નાખવાં-કે જે ભુમિકામાં ઉભવાના અને બીજકો વાવવાના આનંદની લહેરિની લ્હેજતના ગુલતાનપણામાં મગ્યું રહેવાય. અને એ ફળ આવવાની તૈયારી થાય એ દરમ્યાન, પ્રારબ્ધ કર્મ રૂપ દુઃખોનું કરજ પણ આનંદે ફીટાડી દેવાય, આપણને પ્રેમ અને સેવા કે જે વડે જીવન સાફલ્ય થઇ શકે એવી મહદાનંદી ભલી ઇચ્છાઓ હોવીજ જોઇએ ને એ ઇચ્છા દ્વારા સકળ વિશ્વમાં પ્રેમ અને સેવાના મહાન તત્વો વિસ્તારી દેવોની શક્તિ વાળું શ્રેષ્ઠ જ્ઞાન મેળવવુંજ જોઇએ. નિરંતર નિયમ પૂર્વક રાત્રે અગર તો દિવસના પરમ શાંત સમયે મનનની ટેવ રાખો. અને એ મનનરૂપ ધ્યાનમાં આત્મ ચિંતન રૂપ વૃક્ષ વાવો. અને નિષ્કામતા-નિઃસ્વાર્થતા, નિર્મળતા અને પવિત્રતારૂપી ચારે દિશામાં વાડ કરો. તેવાજ પ્રકારનો જીવનક્રમ રાખી આત્મ ચિંતન રૂપ વૃક્ષને

પાણી પાઓ, ઉછેરો, ફળદ કરો, બ્રહ્માનંદને દ્રષ્ટિ મર્યાદામાંથી બહાર ખસવા નદો, અને ધૈર્યતાથી વિચારાનુરૂપ પરિણામની રાહ જુઓ તો "નક્કી પરમ વિજ્ઞાનરૂપ સૂર્ય પ્રકાશમાં આત્મ ચિંતન રૂપ ધ્યાન વૃક્ષનાં, બ્રહ્માનંદ રૂપ ફળોની પ્રેમ સુધા સ્વાનુભવવા સુભાગી થશોજ." એ માટે "ક્રમે ક્રમે પણ સુદ્રઢતાથી યોગ્યતા મેળવો, અખંડ વિચાર પ્રવાહ ચલાવો, ક્રિયાઓ કરો. અખુટ-અત્રુટ-જીજ્ઞાસા રાખોં કટી બદ્ધતા દાખવો, તેનેજ અર્થે જીવન ધારણ કરો અને આટલું બનિ શકે તેને માટે પ્રભૂનો પરમ ઉપકાર માનો તો જીવન મુક્તાંનંદ પ્રેમામૃત પરિપૂર્ણ ચિંતામણી કટોરો લઈ તમારા તરફ દોડતોજ આવે છે. જેટલાં ઉડાણના નિખાલસ, નિર્મળ અને ઝડપ વાળા પણ સુદ્રઢ વિચાર થઇ શકશે તેટલીજ ઝડપથી એ પ્રેમામૃત પ્રાપ્તિ વ્હેલી થશેજ. જે કલ્યાણ પ્રભુ આપે તેને માટે નિરંતર પ્રભુનો આભાર

માનો. આત્મારામમાં કાળ એવી વસ્તુજ નથી આત્મારામ જે માનવનું સત્ય સ્વરૂપ છે. તેમાં સર્વ વર્તમાન રૂપ ભુતભાવિ રહિત અનંતતાજ છે. એ સ્થિતિમાં સર્વ શ્રેયસ્ સ્વાનુભવે સ્વહસ્તગતજ છે. જેમ જેમ સવિશેષ સુજ્ઞાત શ્રદ્ધા અને સવિશેષ આનંદ આત્મારામ ચિંતનમાં ગીતો ગાવામાં થાય, તેમ તેમ અધિકાધિક આનંદાનુભવ થતોજ જવાનો.”

લેખકને આ વિષયનો અનુભવ જીવન ક્રમમાં અનેક વખતે થયો છે. જેથી “આ લેખ સંપૂર્ણ સત્યજ છે.” અનેક મહત્વાકાંક્ષાઓ આ રીતેજ સફળ થએલી છે. માત્ર કરવાનું એટલુંજ કે “પ્રથમ વિચાર પછી વિચારાનુરૂપ વર્તન, ફળ સંગ્રહની યોગ્યતા એટલું થાય તો એક દિવસ એવો ઉગશે કે જ્યારે ઉંઘમાંથી જાગૃત થતાંજ-આંખ ખુલતાંજ પરમ શ્રેયસ્ પડખે ઉભેલું દેખાશે.”

કેટલીક વખત એવું થાય છે કે-રસ્તો જરા લાંબો

જણાય છે અને મહત્વાકાંક્ષા વધતીજ જાય છે. પરંતુ પ્રભુ કદિ પણ પોતાના નિયમમાં ચુકતોજ નથી અને નિયમિત કાળ પુરો થતાં પરમ ઇચ્છિત શ્રેયસ્ પ્રાપ્ત થાય છે. "ઇચ્છિત અવશ્ય મળેજ છે માટે ઇચ્છતાં સાવચેતી રાખવી."

આત્મ ચિંતન. ચિંતામણિ આવી રીતે સુખ પૂર્વક વાપરો, પરંતુ "વાપરતાં પહેલાંજ આત્મ નિરિક્ષણ કરો." આંતરઃહેતુ તપાસો. પરમ ઇપ્સિતવ્યનું પ્રાથમિક જ્ઞાન-સમજણ મેળવો. આટલું કરીને પૂર્ણ મહાન ચારિત્રવાન મનઃ સંયમી થાઓ. એટલે એવી તકો મળશે કે-વિશાળ આત્મિય જીવનમાં મહાન સદુપયોગીતા વીસ્તરી જશે. જેનાથી સ્વહિત, પરહિત, આત્મ શ્રેયસ, વિશ્વ કલ્યાણ અને ઇશ્વરી સામર્થ્યની મહત્તાની ગર્જનાઓ વિશ્વ વિદિત થવાનીજ. ઇતિરામ.

સમાપ્ત



સ્વાત્માર્પણ

(ગઝલ)

અમે શિર અર્પ્યું માશુકને, કહો એમાં બીજાને શું ? ટેક૦

સનમ શિવને કમળ પૂજા, ચઢાવી કાપ્યું મસ્તકને,
વહાવ્યું ખૂન સનમ શિવ પર, કહો એમાં બીજાને શું ? ૧

અમારૂં શિશ અમ હાથે, વિના હથિયાર કાપીને,
સનમ ને પૂજીએ પ્રેમે, કહો એમાં બીજાને શું ? ૨

સ્વરંગી રસ સકળ નસનો, સનમમાં સ્નેહ રૂપે હા !
સમર્પ્યો સંગ સૌ છોડી, કહો એમાં બીજાને શું ? ૩

સનમ સ્નેહાગ્નિના કુંડે, મણિમય તનમને હોમ્યું,
રમણ શ્રી રામ મય માણ્યું, કહો એમાં બીજાને શું ? ૪

પદ ૨ જું. ભીમપલાસ

આકાર જો નથી તો, અવતાર કેમ લીધા ? ટેક૦

નહિ નામ રૂપ ત્યારે, ધર્યું નામ રૂપ ક્યાંથી ?
અકળા કળા કળાવી, અવતાર કેમ લીધા ?—આકાર૦ ૧

અવકાશ ના બીજાનો, ત્યાં ત્રીક શાથી સરજ્યું ?
સહુમાં સમાઇ રહીને, અવતાર કેમ લીધા ?—આકાર૦ ૨

વળી એકમાં અનેકો, ક્યાંથી કર્યાં કૃપાળુ !
સર્વેશ્વરા ! કહોજી અવતાર કેમ લીધા ?—આકાર૦ ૩

મણિરામ હા ! અનોખા નોખ્યાં કર્યાં પ્રભુકાં ?
દે ! દે ! જવાબ જંગી, અવતાર કેમ લીધા ?—આકાર૦ ૪

પદ ૩ જું. ભીમપલાસ

ૐ બ્રહ્મ ત્યાં બધું આ ક્યાં કેમ શાથી વિલસ્યું ? ટેક૦

અજમાંય જન્મ શાથી, ના જ્ઞાન અજ્ઞતા કાં ?
જુજવું અરે સહુ આ, ક્યાં કેમ શાથી વિલસ્યું ?—ૐ ૧

અતિભેદ એ અભેદે, ક્યારે કહોજી આવ્યા ?
અવિકારમાં વિકારી, ક્યાં કેમ શાથી વિલસ્યું ?—ૐ ૨

સત્યે અસત્ય ક્યાંથી ? જળ ઝાંઝવે ન હોયે,
તો પણ અજુઠ આવું, ક્યાં કેમ શાથી વિલસ્યું ?—ૐ ૩
અદ્વૈતરામ પોતે મણિ દ્વૈત ઝાંખરૂં આ,
ત્રયકાળમાં નથી તે, ક્યાં કેમ શાથી વિલસ્યું ?—ૐ ૪

પદ ૪ થું. ભીમપલાસ

ભક્તો ભિંસાય ભારે, પર ગંધીલા તને શું ? ટેક૦
કળાટ માડી કરતી, મૂકી નઠોર નાઠો,
વનવાટ લીધ પહેલી, પર ગંધીલા તને શું ?—ભ૦ ૧
તવ પ્રેમમાંજ બાપો, ટાંગા ઘસી મૂઓ હા !
લેશે દયા ન આવી, પર ગંધાલા તને શું ?—ભ૦ ૨
ભરતે કરી ભલાઇ, ચઢી ચિત્રકૂટ પૂગ્યો,
ત્યાંથી નિરાશ કાઢ્યો, પર ગંધીલા તને શું ?—ભ૦ ૩
જે બાપનાં ન વાળે, બાવા તણા શું વાળે ?
મહેણાં બહુ તથાપિ, પર ગંધીલા તને શું ?—ભ૦ ૪
મણિરામ માઠું માની, બેસાય કેમ બેલી ?
ભવભાઠમાં બળું હું, પર ગંધીલા તને શું ?—ભ૦ ૫

પદ ૫ મુ. ભીમપલાસ

કામા કુટિલ કાળા, જાણી ધરાઇ રહીએ. ટેક૦
માબાપ બંધીખાને, અધરાત મૂકી ભાગ્યો,
થઇ વાહવાહ ! વિશ્વે, જાણી ધરાઇ રહીએ—કામા ૧
એ નંદ ને યશોદા, રાતેજ પાણી શેનાં,
મેલ્યાં ન મ્હેર આવી, જાણી ધરાઇ રહીયે. કામા. ૨
વૃજ ગોપિઓય ગાંડી, વળગી કશું ન ખાટી,
ભવ રોઇ રોઇ કાઢયો, જાણી ધરાઇ રહીએ. કામા. ૩
માર્યોજ માસી મામો, ખાસા કરેલ કામો,
મણિરામ કૃષ્ણુ ભજતાં, જાણી ધરાઇ રહીએ. કામા. ૪

પદ ૬ ઠું. ભીમપલાસ

આનંદ સત્ય ચિદ્‌માં, સો તે સમાય ક્યાંથી ? ટેક૦
ત્રય કાળ સર્વ નાસ્તિ, સર્વજ્ઞતા રહે ક્યાં ?
અદ્વૈત દ્વૈત વોણું, સૌ તે સમાય ક્યાંથી ?—આનંદ૦ ૧
જ્યાં ખાસ અન્ય એવી, ના કલ્પના ખમાયે
પદ એ અનંત શક્તિ, સો તે સમાય ક્યાંથી ?—આનંદ૦ ૨
રવિમાં ન વ્હાણું વાતું, વિજ્ઞાન વ્હાણું કેવું ?
બેનાજ ત્યાંજ ત્રીજાં, સો તે સમાય ક્યાંથી ?—આનંદ૦ ૩

જે નાગડો ખીજલીયો, શું નાહીને નીચાવે ?
મણિરામ સત્ય ભાખો, સો તે સમાય ક્યાંથી ?—આનંદ૦ ૪

પદ ૭ સું. ભીમપલાસ

હરિ ! ત્રેવડું નથી તો, જગ હાંસી કાં કરાવો ? ટેક૦
ભવતાર તારૂ બ્હાનું, વેદે વિરાજ તું તે,
ગંગા તટે ગુમાવ્યું, જગ હાંસી કાં કરાવો ?—હરિ૦ ૧
વળી ગોતવા જનકની, વન ધૂમી ધૂમી થાક્યા,
સર્વજ્ઞતા ગુમાવી, જગ હાંસી કાં કરાવો ?—હરિ૦ ૨
ને મેઘનાદ સાંગે, પ્રિય લક્ષ્મણો પછાડયો,
ત્યાં પોકેપોક રોયા, જગ હાંસી કાં કરાવો ?—હરિ૦ ૩
હે ! રામ ખોડ ખામી, કહો કેટલી બકું હું,
મણિ મૂઠી બાંધી રાખો, જગ હાંસી કાં કરાવો ?—હરિ૦ ૪

પદ ૮ સું.

આવું સુંદર નર તનુ પામી—એ રાગ.

આખી ઉમર હડહડ થાતાં અધમ ગુમાવી તેં
ખરે ! ખર ! અધમ ગુમાવી તેં,

અરે ! જીવ ! અધમ ગુમાવી તેં—આખી૦ ટેક૦

રાંપ ગળે ગળી ગેબની ગંડુ,
અંધ અદેખાઇ ઉર કંડુ.

હાશ હવે થઇ હરિ ગુરૂપદમાં ડોક નમાવી દે
અરે જીવ ડોક નમાવી દે (૨) —આખી૦ ૧

ખાક બની જા ગુરૂપદ પંકજ,
પંકજ રજ ધરી શીર સુધાશી.

રામ મણિમય મ્હોર કરાવી લેખ લખાવી લે
અરે જીવ ! લેખ લખાવી લે (૨) —આખી૦ ૨

પદ ૯ મું. રાગ સદર

આ લખ તે લખ તું લખમાં લખ અલખ જગાવી દે;
હરિ ! હરિ ! અલખ જગાવી દે,
અરે ! રે ! અલખ જગાવી દે, ટેક.

એ લખમાં પણ એજ અલખ છે,
આ લખમાં પણ તેની ઝલક છે,
અલખ મુલક મસ્તાન તાનમાં તાર તમાવી દે,

અરે નર! તાર તપાવી દે, (૨)—આલખ. ૧

નર્તકી તાલ ચૂકે ન કદિ પણ,
બેડું વિસારે નહિ પનિહારી,

રામ નામ સુખધામ મણિમન ધ્યાન લગાવી દે,
અરે નર! ધ્યાન લગાવી દે—આલખ. ૨

પદ ૧૦ મું. રાગ સહર

ગમે તેમ ગણગણતાં પણ ગુણ ગાન ગજાવી લે,

નકકી નર! ગાન ગજાવી લે,
અરે! હા! ગાન ગજાવી લે, ટેક.

મંદીર અંદર સુંદર સ્વામી
ભોગ પુરંદર પાર અકામી,

નશ્વર તજી સર્વેશ્વર સુખમય, સાન સજાવી લે,
અરે! હા! સાન સજાવી લે (૨)-ગમે તેમ. ૧

માટીમાંથી મણિ ગોત ખરેખર,
ખાસ ખરે ઓતપ્રોત સુહાતું.

ભાન અભાનજ રામતાન ગુલ્તાન લગાવી દે,
અરે ! ગુલ્તાન લગાવી દે, (૨)–ગમે તેમ. ૨

પદ ૧૧ મું. રાગ સદર

સાચાં સાધન શૂર ! સાંપડયાં જંગ મચાવી દે
ઝરોઝર જંગ મચાવી દે
નરોત્તમ ! જંગ મચાવી દે. ટેક.
દાન દારૂ ને જ્ઞાન ગલોલે,
તપ તોપો ને ક્રોધ ન તોલે.
ભજન ભડાકે કોટ કાળનો હાલ ઉડાવી દે,
નરોત્તમ ! હાલ ઉડાવી દે (૨)—સાચાં. ૧
સ્વાનંદ સ્વાશ્રય એજ વિજયધ્વજ,
સ્વાનુભવી વાવટા ધરી હાથે.
રામ મણિમય ઢાલ ધૂબાકા સત્ય સુણાવી દે,
ધૂબાકા ! સત્ય સુણાવી દે—સાચાં. ૨

પદ ૧૨ મું. ભૈરવી

આભાર ચૂકે ખળ અલુણા,
સંતો સંતોષે ત્રમણા. ટેક૦

પ્રેય બગાડો શ્રેયસ આપે
સાત્વિક સંત. સલુણા
સહજ સ્વભાવે શાંત સદાએ, અનુકંપક ઉર કુણા. ટેક૦
બન્ને સુધારો તો પણ બન્ને
ટાળે ખળ એ અકુણા
આધું પાછું આપ ન જુએ, લેશ ન આવે કરૂણા–આ૦ ૧
ખર દોસ્તી લાતો બીજબાની
આપે અંધ અગુણા
સારૂં નરસું સર્વે સરખું, ન્હાય શું અસિ કે વરૂણા–આ૦ ૨
ચંદન બાળો કાપો ઘસો પણ
દેવ સુગંધી ન મણા
ઉલટ ઉલટ ઉર ઉકળી ઉછળે, રામણિ રસ ઝરણાં–આ૦ ૩

પદ ૧૩ સું.

સોહીણી–અગર બિહાગ

ઘુઘવાટ ગંભીર ગાજતા, ગેબી અવાજો આવતા
પલ પલ પલકની ઝલકમાં, પ્રિયતમ ભનક સંભળાવતા–૧

એ ભનકકેરી તલખમાં, સહુ સાન ભાન જતું અરે !
બેભાન ચિન્મય તાનમાં, મસ્તાન શું લવરી કરે !–૨
એ નાદ બિંદુ પાર પારાવાર, સ્વાત્મિય શાંતિમાં
ચિન્મય મનોન્મનિ વિલસતિ, તન મન ન લેશે ભ્રાંતિમાં–૩
ઉન્માદના ઉકળાટમાં ઉછળાય ચિંતામણિ મળે
ભવ-અભવ વિભવ અનાદિ આત્મારામ રસમય પદરળે–૪

પદ ૧૪ મું.

ધીરાની કાફી

અલખને અખાડે રે, કસ્તી મલ્લ મસ્ત લડે
પલકમાં પછાડે રે, વડિયા સાથે શાંત ભડે ટેક.
આંટી ઘુંટી આપ ઉકેલે, રાગ નહિં નહિ દ્વેષ
દાવ પેચમાં પુગી વળે ને, સાત્વિક શાંત સુવેષ
ત્વેષ વિના તર્જે રે, ગર્જે ભય ભાંગી પડે—અલખ૦ ૧
વેર વગર રણુજંગે જીતે, મરજીવાનાં માન
જ્ઞાન ગરીબીમાં ગરવાઇ, ગાતા હરિ ગુણુગાન
તાને ચડી ડોલે રે, બોલે મન બાંધી કડે—અલખ૦ ૨

અલ લખાવે પાર પરખાવે, સાન શીખાવે સુજાણુ
પ્રાણુ પરાયા પરખી હરખી, મૂકે બાળી મ્હેલાણુ
હાણુ નવ પામેરે, જામે દઢ દીલ વડે—અલખ૦ ૩

મસ્તોની મસ્તાની રમતુ, રામ રીઝાવણુ ગૂઢ
મૂઢ મણિ નવ પરખે અંધા, વાદી લાજ વિમૂઢ
બૂઢ બન્યા તોયે રે, જો રૂજરમાંજ સડે—અલખ૦ ૪

પદ ૧૫ મું.

આવું સુંદર નર તનું પામી.

સાક્ષી ચેતન પાર બ્રહ્મમય ધ્યાન ધગાવી દે
પ્રિયાત્મન ! ધ્યાન ધગાવી દે
અનાત્મન ! ભાન ફગાવી દે. —સાક્ષી૦ ટેક૦

ઉલટ સુલટ એક સોહં શબ્દે
સુરતી ડુબાડુબ આનંદ અબ્ધે
શંભુ ! શંભુ ! શિવ ! શંભુ ! શિવોહં ! શંખ બજાવી લે.
—સાક્ષી૦ ૨

ગેબી ગુફા સત્ય તખ્ત અધર પર
અધર પરાત્પર પૂર્ણ સ્વરૂપે
અજર અમર નિજ રૂપ રામ મણિ જ્યોતિ જગાવી દે
—સાક્ષી૦ ૩

પદ ૧૬ મું.

રાગ–ઉપરનો

માનવ દેહ મળ્યો મન ! મુરખ ! પ્રભુ પંથે પીધા
અરે ! મન ! પ્રભુ પંથે પીધા—માનવ૦ ટેક૦
વૃત્તિ કૃત્તિમતિ શાંતિ સુધારી
પ્રકૃતિ સુકૃતિવાન વધારી
પ્રમાદ નિદ્રા આળસ તજી ઝટ જાગ્રત જીવ ! બની જા
—માનવ૦ ૧
અવઘટ ઘાટ ઉલ્લંઘન કર ! કર !
કર ! કર ! નરવર ! અધર સિંહાસન
રામ મણિ સર્વત્ર સભરમાં રસ બસ રંજનથાથા—માનવ૦ ૨

પદ ૧૭ મું.

રાગ–ઉપરનો

નાગર નટવર નંદ નંદ સ્વાનંદ સુધા હૈં દે...

પદ ૨૦ મું.

યમન કલ્યાણ

તરણી સાંચવજે સુકાની
દીસે ઉદ્ધિ અજબ આ તુફાની—તરણી૦ ટેક.
નામ નાવડી સત્ય સહાયે
છે ન ફુટલ ઉલખાની—તરણી૦ ૧
લાખ કરોડે મૂલ્ય ન થાતું
માન ન ખોટી દુકાની—તરણી૦ ૨
પ્રેમ સ્વરંગી તાંબૂલ ખા ખા !
ટેવ તજી કચુકાની—તરણી૦ ૩
સફર કર મણિરામ રસાબ્ધે
બાંધી ભેટ બુકાની—તરણી૦ ૪